આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૨૪૩ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## જો પુડુચેરી, સિક્કિમ અને ગોવા જેવા રાજ્યોને વિધાનસભાનો દરજ્જો આપી શકાય છે, તો દાદરા નગર હવેલી અને દમણ-દીવ કેમ નહીં?

# શ્રીડીને વિધાનસભાનો દરજ્જો જરુરી : સંજય રાઉત



**શિવસેના (યુબીટી) ના સાંસદ સંજય રાઉતે રાજ્યસભામાં શ્રીડીમાં વિધાનસભાનો અભાવ એક ગંભીર સમસ્યા બની ગઈ છે, જેમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ શક્તિહીન બની ગયા છે! અધિકારીઓ યોગ્ય લાગે તે રીતે નિયમો અને નિયમો બનાવે છે એવો મુદ્દો ઉપસ્થિત કર્યો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૨ :** શિવસેના (ર્રાૂ) ના રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે રાજ્યસભામાં કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ માટે વિધાનસભાની સ્થાપનાનો મહત્વપૂર્ણ મુદ્દો ઉઠાવ્યો હતો.

રાજ્યસભામાં રાઉતે આ મુદ્દે વિગતવાર રજુઆત કરતાં જણાવ્યું હતુ કે હું દેશના આ સૌથી મોટા કેન્દ્રશાસિત પ્રદેશના લોકોની માંગણી ઉઠાવવા માંગુ છું, જેનો રાજ્યસભામાં કોઈ સભ્ય નથીં. દાદરા નગર હવેલી અને દમણ દીવના લાખો નાગરિકો લાંબા સમયથી તેમના લોકશાહી અધિકારોની માંગ કરી રહ્યા છે. ત્યાંના લોકો દાદરા નગર હવેલી અને દમણ દીવને નોકરશાહી શાસનના બંધનમાંથી મુક્ત કરીને વિધાનસભા આપવાની માંગ કરે છે. ઈ.સ. ૨૦૧૪ માં, ગૃહ મંત્રાલયની એક સંસદીય સમિતિએ આ કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભાની રચના કરવાની ભલામણ કરી હતી. આ સમિતિએ માત્ર ગૃહ મંત્રાલયને જ નહીં પરંતુ રાજ્યસભાને પણ પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો. પરંતુ ૧૨ વર્ષ પછી પણ, આ ભલામણ ધૂળ ખાઈ રહી છે! આ પ્રદેશમાં વિધાનસભાનો અભાવ એક ગંભીર સમસ્યા બની ગયો છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ - નગર પંચાયત અને જિલ્લા પંચાયત - શક્તિહીન બની ગયા છે. અને બધી સત્તા વહીવટી અધિકારીઓના હાથમાં કેન્દ્રિત છે,

વિધાનસભાના અભાવને કારણે, આ પ્રદેશનું રાજ્યસભામાં કોઈ પ્રતિનિધિત્વ પણ નથી.

જો સિક્કિમ, ગોવા અને પોંડિચેરી જેવા નાના રાજ્યો, જેમાં ફક્ત એક કે બે લોકસભા બેઠકો અને મર્યાદિત આવક છે, તેમને વિધાનસભાઓ આપી શકાય છે, તો દાદરા નગર હવેલી અને દમણ દીવ કેમ નહીં? આ પ્રદેશમાં બે લોકસભા બેઠકો છે અને તેની આવક તે નાના રાજ્યો કરતા અનેક ગણી વધારે છે. તેમણે એવો પ્રશ્ન પણ ઉપસ્થિત કર્યો હતો કે આ પ્રદેશને વિધાનસભા આપવામાં શું સમસ્યા છે?

હવે આ મુદ્દે એ જોવુ રસપ્રદ બની રહે છે કે દમણ-દીવના સાંસદ ઉમેશભાઈ પટેલ અને દાદરા નગર હવેલીના સાંસદ શ્રીમતી કલાબેન ડેલકર પ્રદેશને વિધાનાસભાના પ્રશ્ને કેવું વલણ દર્શાવે છે.

## ભરતી કરવાની છે

વાપી-છરવાડા ખાતે આવેલ **3 Star** ભારતીબા વિલા રિસોર્ટ માટે તમામ પ્રકારનું મેઈનટેનન્સ કામ કરાવી શકે એવા મેઈનટેનન્સ સુપરવાઈઝર ભરતી કરવાની છે. જેને મીનીમમ ૫ (પાંચ) વર્ષનો અનુભવ હોવો જોઈએ અને અરજદાર રીટાયર્ડ હોય તો પણ ચાલશે.

ચેરમેન શ્રી,
મેં. ભારતીબા વિલા કલબ એન્ડ રિસોર્ટસ પ્રા.લી. છરવાડા - વાપી

મો. 98794 63248

VIMAL POWERS
V-GUARD



શહેર હોય કે ગામ, ઠંડક પહોંચાડવાનું
V- GUARD નુ કામ
ડીસ્ટ્રીબ્યુટર : વિમલ પાવર્સ, વાપી
(વલસાડ જીલ્લો, દમણ, સિલવાસા)
Contact No. 9313540265
દરેક અગ્રગણ્ય શો-રૂમમાં ઉપલબ્ધ

# આજે જીલ્લામાં મિલેટ મહોત્સવ

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ જિલ્લામાં જિલ્લા ખેતીવાડી શાખા દ્વારા તા. ૧૩-૦૩-૨૦૨૬ના રોજ વિવિધ તાલુકાઓમાં સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી પીએમ કિસાન અને મિલેટ મહોત્સવ યોજાશે. ધરમપુર તાલુકાના મેરેજ હોલ, કપરાડામાં કોમ્યુનિટી હોલ પાસે, પારડીમાં સાંઈ દર્શન હોલ, ઉમરગામના ધોડીપાડા ખાતે કોળી પટેલ સમાજ સેવા મંડળ હોલ, વલસાડના પારનેરા પારડીના ચંદ્ર મોલેશ્વર મહાદેવ અંદિર અને વાપીના લવાછાના શ્રી કચ્છી ભાનુશાલી મિત્રમંડળ હોલ ખાતે આ કાર્યક્રમો યોજાશે.

## નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

# વલસાડ પાલિકાની સામાન્યસભા કચરાના મુદ્દે તોફાની બની

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ પાલિકાની સભામાં ભાજપી સભ્યોએ ભારે સોર બકોર સાથે ડોર ટુ ડોર કલેક્શન કોન્ટ્રાક્ટમાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ સાથે એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની માંગણી સાથે વલસાડ નગરપાલિકાનું બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું.



વલસાડ નગરપાલિકાના પ્રમુખ માલતીબેન ટંડેલની અધ્યક્ષ પણ હેઠળ આજરોજ પાલિકાને સામાન્યસભા સવારે ૧૧:૩૦ કલાકે અટલબિહારી બાજપાઈ સભાખંડમાં યોજાઇ હતી. પાલિકા પ્રમુખ માલદીબેન ચીફ ઓફિસર સભાખંડમાં ૧૫ મિનિટ મોડા આવતા કાયદા સમિતિ ચેરમેન નીતેશ વશીએ અન્ય સભ્ય જસ્ટિકાબેન પટેલને પ્રમુખ તરીકે નિયુક્ત કરી સભા શરૂ કરવાની તૈયારી કરી લીધી હતી. પાલિકાની સભામાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન નાગપુરની એજન્સીને ત્રણ કરોડથી વધુના ખર્ચે ઓર્ડર આપવામાં આવ્યો છે. જ્યારે અગાઉ રૂા. ૧.૭૦ કરોડમાં આ ડોર ટુ ડોર કલેક્શનનું કામ ચાલતું હતું. નાગપુરની એજન્સીને ત્રણ કરોડથી વધુનો કોન્ટ્રાક્ટ આપવા તેમ છતાં તેમની પાસે પૂરતા સાધન તેમજ મજૂરો પણ નથી જેના કારણે વલસાડ શહેરમાં ઘરે ઘરે કચરાના ઢગલાઓના કારણે આ એજન્સી નો ભારે વિરોધ કર્યો હતો. જોકે નગરપાલિકાના ૧૧ વોર્ડ નહી ૪૪ જેટલા બંધ બોડીના વાહનો જીપીએસ સિસ્ટમ ૨૪ કલાક ઈમરજન્સી સેવા સહિત મુખ્ય શરતોનું પાલન કરવામાં આવતું નથી છેલ્લા દસ દિવસથી વિસ્તારોમાંથી કચરો ઊંચકવા આવતા લોકો ગેરવર્તન પણ કરતા હોવાની ફરિયાદ ઉઠી હતી. પાલિકા સભામાં વોટર વર્ક્સ કમિટીના ચેરમેન અમિત દેસાઈએ વહીવટી નિષ્ફળતા અને એજન્સીની બેદરકારીથી કંટાળીને પોતાના હોદ્દા અને કારોબારી સભ્યપદેથી રાજીનામું આપ્યું છે. નિતેશ વશી સહિત ભાજપના જ ૧૧ સભ્યોએ ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૫૧(૩) હેઠળ નાગપુરની એજન્સીને તાત્કાલિક બ્લેક લિસ્ટ કરવાની લેખિત દરખાસ્ત રજૂ કરી હતી. નિતેશ વશીએ આ કોન્ટ્રાક્ટની પ્રક્રિયાને ગેરકાયદે ગણાવી કલમ ૨૫૮ હેઠળ પ્રાદેશિક નિયામક સુધી લડત ચલાવવાની ચીમકી ઉચ્ચારી છે. વલસાડ શહેરમાં ખખડધજ રસ્તા ગટર લાઈન મોગરાવાડી વિસ્તારમાં ખુલ્લી ચેમ્બરો રસ્તા અંગે પણ નગરપાલિકાની સામાન્ય સભામાં રજૂઆતો થઈ હતી. વલસાડ પાલિકાની સભામાં ભાજપી સભ્યોએ ભારે સોર બકોર સાથે ડોર ટુ ડોર કલેક્શન કોન્ટ્રાક્ટ માં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ સાથે એજન્સીને બ્લેક લિસ્ટ કરવાની માંગણી સાથે વલસાડ નગરપાલિકાનું બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું.

## વલસાડ પાલિકાનું બજેટ સર્વનુમતે મંજૂર

વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૨૫-૨૦૨૬ના વર્ષની રીવાઇઝડ બજેટ મહેસુલી આવક / ડિપોઝીટ અને એડવાન્સીસ રૂા. ૧૧૬,૪૨, ૦૩, ૫૭૨.૬૪ તથા મહેસુલી ખર્ચ રૂા.૧૦૦, ૭૪, ૪૪, ૦૨૪.૧૧ રીવાઈઝડ બજેટ મંજુર કરવામાં આવેલ છે. વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૨૬-૨૦૨૭ના વર્ષનું બજેટ મહેસુલી આવક /ડિપોઝીટ અને એડવાન્સીસનું રૂા. ૧૬૫, ૭૭, ૧૬,૦૯૨ તથા મહેસુલી ખર્ચ/ડિપોઝીટ અને એડવાન્સીસ રૂા. ૧૬૫,૦૪, ૬૨,૨૭૦ સાથે રૂા. ૩૬,૭૩,૪૪,૯૩૮.૪૯ પુરાનું બજેટ પુરાંતવાળું મંજુર કરવામાં આવેલ છે.

CIRCUS
માત્ર વિદેશી કલાકારો દ્વારા ભજવાતું ભારતનું એકમાત્ર ભવ્ય સર્કસ
શો સમય ગાળો 2 કલાક
OLYMPIAN CIRCUS PRESENTS
ઈન્ટરનેશનલ સર્કસ ફેસ્ટીવલ
રશીયન, મેક્સીકન, યુથોપીયન, આફ્રિકન, મેંગોલીયન કલાકારો સાથે કદી ન જોયા હોય તેવા જબરદસ્ત સ્ટંટ
વાપીમાં પહેલી જ વાર એનિમલ હૉલોગ્રામ શો અને ભવ્ય લેસર શો



વાપી-ચલા મુક્તાનંદ માર્ગ મહાદેવ મંદિરની બાજુમાં
દરરોજ 2 શો 6.00 9.00
શનિ-રવિ 3 શો 3.00 6.00 9.00
ટીકીટ બુકીંગ સ્થળ ઉપર સવારે ૧૦ થી આખો દિવસ
Online Tickets on : bookmyshow
સંપર્ક : 7990555636
Follow us : @suratjanta

# વાપી હાઈવેના પાંચ ઓવરબ્રીજ ઝળહળશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપીમાંથી પસાર થતાં નેશનલ હાઈવે નંબર ૪૮ પરના તમામ પાંચ ઓવરબ્રિજ પર સ્ટ્રીટ લાઈટ નાખવાનું કામ ચાલી રહ્યું છે. જે કામગીરી થોડા દિવસમાં પૂર્ણ થતાં હાઈવે પરના ઓવરબ્રિજ ઝગમગતા થશે અને અકસ્માતોને નિવારી શકાશે.

વાપી જીઆઇડીસીના યુપીએલ હાઇવે ઓવર બ્રિજથી બલિઠા હાઇવે ઓવરબ્રિજ સુધીના તમામ પાંચે પાંચ બ્રિજ ઉપર રાત્રિ દરમિયાન અંધારપટને લઇ થતા અકસ્માત તેમજ વાહનચાલકોને પડતી મુશ્કેલીને દૂર કરવા માટે વાપી મહાનગરપાલિકા તેમજ વાપી નોટિફાઇડ તથા નેશનલ હાઈવે ઓથોરિટી વિભાગ ના વહીવટી તંત્ર દ્વારા તમામ પાંચે પાંચ બ્રિજ ઉપર સ્ટ્રીટ લાઈટ લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે અને જે ટૂંક સમયમાં જ પૂર્ણ થતાં આ બ્રિજ ઉપર વારંવાર થતાં રાત્રિ દરમિયાનના અકસ્માત અને અંધારપટ દૂર થશે જેને લઇ આ બ્રિજ ઉપરથી પસાર થતા વાહન ચાલકોને અગાઉ પડતી મુશ્કેલીઓ દૂર થશે.

## SOPAN GROUP
## WALK - IN INTERVIEW

SOPAN

SOPAN Group, with over 25 years of legacy and experience in the Energy Infrastructure Sector, is now expanding aggressively into the Metal Sector. As part of this strategic expansion, SOPAN is actively looking to strengthen its organization by onboarding experienced and talented professionals who can contribute to the growth and success of this new venture. We invite qualified and experienced candidates from the metal and manufacturing industry to be a part of our expanding team and grow with an organization that values expertise, innovation, and long-term career development.

Open Positions

| Job Title | Qualification | Experience | No. of Positions |
|---|---|---|---|
| Mechanical Shift Engineer | BE Mechanical Engineering | Min. 3 yrs in mechanical design, installation & maintenance; expertise in pumps, blowers, boilers, conveyors, cranes | 4 |
| Production Engineer | BE/B.Tech Chemical/Metallurgical/ Process Engineering | 3-5 yrs in copper/petrochemical/metal industry; strong process control, SAP/DCS/ SCADA exposure | 4 |
| Shift In charge (Electrical & Instrumentation) | BE/Diploma Electrical/ Instrumentation | 3-5 yrs in heavy industries; PLC, SCADA, DCS knowledge; trouble shooting AC/DC systems | 4 |
| Head Asset Optimization & Logistics | Diploma/Graduate Mechanical/ Electrical/Instrumentation | Min. 3 to 5 yrs in Knowledge of asset optimization, SAP/ERP, reliability systems; strong documentation & presentation skills | 1 |
| Furnace Operators | ITI/Diploma Chemical/Metallurgical/ Process Engineering | Diploma: 3+ yrs; ITI 5+ yrs in heavy industries (copper, oil & gas, petrochemical) | 4 |
| Casting Operators | ITI/Diploma Chemical/Metallurgical/ Process Engineering | Diploma: 3+ yrs; ITI: 5+ yrs in heavy industries | 4 |
| HSE Lead | B.Tech/BE/PG in HSE/Industrial Safety/Environment | 8+ yrs in similar industry; RCA, CAPA, 5S, KAIZEN, TPM, EHS modules | 1 |
| HR Manager | Full time MBA/MSW/MLW or equivalent in Human Resource | 8+ Yrs in oil & gas, petrochemical | 1 |

Date: 15th March 2026 (Sunday)
Time: 10:00 AM – 5:30 PM



Venue:
Fortune Park Galaxy
No. 48, National Highway
GIDC Housing Board Colony
Vapi East, Gujarat - 396195

WALK-IN INTERVIEW DETAILS

Additional Information
- All positions are on 4 Years Contractual basis.
- Remuneration will be commensurate with qualifications and experience.
- Candidates must carry updated resume, educational certificates, photo, experience letters, and current salary proof at the time of interview.

www.sopan.co.in

## પ્રાર્થના સભા



### સ્વ. ઓતમબેન આંબાભાઈ ઠુંમર

સ્વ.તા. ૧૨/૦૩/૨૦૨૬, સવંત ૨૦૮૨ ફાગણ વદ નોમને ગુરૂવાર

દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા માતૃશ્રી
**સ્વ. ઓતમબેન આંબાભાઈ ઠુંમર**
તા.૧૨/૦૩/૨૦૨૬ને ગુરૂવારના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.
તેમના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**:: સદ્‌ગતની પ્રાર્થના સભા ::**
તા. ૧૩-૦૩-૨૦૨૬ને શુક્રવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે લાયન્સ ઉપાસના હોલ, ગુંજન, જીઆઈડીસી, વાપી ખાતે રાખવામાં આવેલ છે.

લિ.
મનસુખભાઈ આંબાભાઈ ઠુંમર (પુત્ર)
મેરામભાઈ આંબાભાઈ ઠુંમર (પુત્ર)
ડો. કાંતિભાઈ આંબાભાઈ ઠુંમર (પુત્ર)
તથા ઠુંમર પરિવારના જયશ્રી કૃષ્ણ

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangatimes.com

## પારડીની જે. પી. પારડીવાલા કોલેજનો વાર્ષિકોત્સવ કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૨ :** પારડીમાં આવેલ જે. પી. પારડીવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનો વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ કાર્યક્રમ ભારતરત્ન મોરારજી દેસાઈ ઓડિટોરિયમમાં યોજાયો હતો.

આ પ્રસંગના મુખ્ય મહેમાન ધી પારડી એજ્યુકેશન સોસાયટીમાં પ્રમુખ હેમંતભાઈ દેસાઈ, ઉપપ્રમુખ તેમજ માનદમંત્રી ધર્મીનભાઈ શાહ તેમજ ટ્રસ્ટી જય પ્રકાશ દેસાઈ અને સભ્ય મનીષભાઈ ભગત તેમજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર દિપેશ શાહ, ગવર્મેન્ટ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. હેતલબેન ટંડેલ તેમજ ભગિની સંસ્થાના આચાર્યઓ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના ઈન્ચાર્જ આચાર ડૉ. ફાલ્ગુની દેસાઈએ તમામ મહેમાનોને આવકાર્યા હતાં અને મોમેન્ટો તેમજ પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ માજી ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ગંગાબેન ડી. પટેલે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કોલેજમાં થયેલ તમામ પ્રવૃત્તિઓનો અહેવાલ વાંચી સંભળાવ્યો હતો.

ત્યારબાદ વિવિધ દાતાઓ તરફથી મળેલ વિવિધ ક્લાસ અને વિષયમાં તેજસ્વી તારલાઓની સ્કોલરશીપ માટે સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષ ડૉ. વૈશાલીબેન ચાવડા એ જાહેરાત કરી હતી તે મુજબ તેજસ્વી તારલાઓએ મહેમામોના હસ્તે સ્કોલરશીપ સ્વીકારી હતી.

ત્યારબાદ ઈન્ટર કોલેજ અને ઈન્ટર ક્લાસીસની વિવિધ રમતો માં ચેમ્પિયન અને રનર્સઅપ થયેલા ખેલાડીઓને કોલેજ સ્ટાફના તમામ અધ્યાપહો અધ્યાપકોના હસ્તે શિલ્ડ વિતરણ કરવામાં આવ્યું હતું. આ યાદીનું વાંચન પ્રા. જીતેન્દ્રકુમાર એમ. ટંડેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સ્વાગત ગીત, મારાથી નૃત્ય, નાટક, શોલો ડાન્સ, ફિલ્મી ગીતો, રેમ્પવૉક, મિક્સ ફિલ્મી ડાન્સ જેવા કાર્યક્રમો વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા હતા જેની પૂર્વ તૈયારીઓ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ.હેતલબેન રાઠોડ, ડૉ. વૈશાલી ચાવડા, ડૉ. તરુલતા માયાવંશી તેમજ ઈન્ચાર્જ આચાર્ય ફાલ્ગુની દેસાઈના માર્ગદર્શન હેઠળ ખૂબ સુંદર રીતે સ્ટેજ પર રજૂ કર્યા હતા. છેલ્લે એક કલાક વિદ્યાર્થીઓ ડી.જેના તાલ પર ખૂબ જ સુંદર ડાન્સ કર્યા હતા સમગ્ર કાર્યક્રમનું હિન્દીમાં ખુબ સરસ અને સફળ રીતે ડૉ. સતવિન્દર કૌરએ ઈન્ચાર્જ આચાર્યના માર્ગદર્શન હેઠળ કર્યું હતું આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ સ્ટાફમિત્રો, વહીવટી કર્મચારીઓ અને ચોથા વર્ગના કર્મચારીઓએ ખૂબ જ મહેનત કરી હતી કાર્યક્રમના અંતે આભાર દર્શન ડૉ. તરુણતા માહ્યાવંશી તેમજ પ્રા. જીતેન્દ્રકુમાર એમ. ટંડેલે આટોપી હતી.



## સિલ્ધાની એસસીએલ ક્રિકેટ ટુર્ના. સીઝન-૯ સંપન્ન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૨ :** કપરાડા તાલુકાના સિલ્ધા ગામે SCL ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન-૯નું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટમાં કુલ ૮ ટીમોએ ભાગ લીધો હતો અને સમગ્ર ગામમાં ક્રિકેટપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ફાઈનલ મુકાબલો શ્રેયસ ઓટો ગેરેજ અને સિલ્ધા સુપર કિંગ્સ વચ્ચે રમાયો હતો. રસપ્રદ અને ટક્કરભર્યા મુકાબલા બાદ શ્રેયસ ઓટો ગેરેજની ટીમે ઉત્તમ પ્રદર્શન કરી વિજય મેળવ્યો અને ટુર્નામેન્ટની ચેમ્પિયન બની હતી.

રનર્સ-અપ રહેલી સિલ્ધા સુપર કિંગ્સ ટીમને ગામના તાલુકા પંચાયત સભ્ય ઈશ્વરભાઈ તુમડાના હસ્તે રોકડ ઈનામ અને ટ્રોફી આપવામાં આવી હતી. જ્યારે વિજેતા શ્રેયસ ઓટો ગેરેજની ટીમને ગામના આગેવાન નરેદ્રભાઈ જોગરાના હસ્તે રોકડ ઈનામ તથા ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગામના આગેવાનો નગીનભાઈ તુમડા, પત્રકાર જગદીશ બોંગે રસિકભાઈ જાજર, દિનેશ બોંગે, યોગેશ ખાલિયા, નિતેશ તુમડા, રાહુલ વસાવા સહિત અનેક ક્રિકેટપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ખેલાડીઓને અભિનંદન આપ્યા હતા.

સમગ્ર ટુર્નામેન્ટ ગામમાં ખેલભાવનાનો સુંદર માહોલ સર્જી ગયો હતો.

### દાનહ સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સ દ્વારા

## દમણમાં પ્રથમ મહિલા લેધર બોલ ક્રિકેટ ટી૨૦ રમાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૨ :** દાનહ દમણ-દીવ રમતગમત અને યુવા બાબતોના અધ્યક્ષ અરુણ કુમાર ગુપ્તાના આદેશ મુજબ અને સિલ્વાસા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અમિત કુમારના સહયોગથી, દાનહ દીવ સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સ ફેલોશિપ, મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે, સિલ્વાસા સ્ટેડિયમ ગ્રાઉન્ડ ખાતે ત્રણ દિવસીય મહિલા લેધર બોલ ક્રિકેટ લીગનો પ્રારંભ કર્યો. દાનહ દમણ દીવ રમતગમત અને યુવા બાબતોના અધ્યક્ષ અરુણ ગુપ્તા અને સેલવાસ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અમિત કુમાર દ્વારા ટ્રોફીનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

સેલવાસ કેનાલ મ્યુનિસિપાલિટીના ઉપપ્રમુખ કવિતા સિંહ ભંડારી, ભૂતપૂર્વ પ્રમુખ રજની શેટ્ટી, દાનહ ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સના ઉપપ્રમુખ યાસ્મીન બાબુલ, સ્તુતિ ગર્ગ અને કુલ ચાર જિલ્લા ટીમોએ પ્રથમ લેધર બોલ ક્રિકેટ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાં ભરૂચ ક્રિકેટ એકેડેમી, પટેલ એકેડેમી વલસાડ, બ્લુ આર્મી નવસારી અને ડીએનએચનો સમાવેશ થાય છે. ક્રિકેટ એકેડેમીની ટીમોએ ભાગ લીધો હતો, જેમાં સક્રિય સભ્યો લલિતા શશિધરન, નિખિલ મુલવાણી, વરિષ્ઠ રમત કર્મચારી ચંદુભાઈ પટેલ અને રમત સંયોજક અધિકારી મહેશ પટેલનો સમાવેશ થાય છે.

મહિલાઓનો ઉત્સાહ અને મનોબળ વધારવા અને રમત પ્રત્યે જાગૃતિ લાવવા માટે, પ્લેયર ઓફ ધ સિરીઝ રિયાઝભાઈ સરવૈયાએ બોમ્બે સાયકલ સ્ટોર તરફથી સાયકલ ભેટ આપી હતી, અને ભીલવાડ તાલુકાના ચીફ એક્ઝિક્યુટિવ ધવલ અરવિંદ પટેલે મહિલા ખેલાડીઓને વિજેતા અને રનર્સઅપ માટે ચમકતી ટ્રોફી સહિત અનેક ઈનામો આપ્યા હતા. શ્રેષ્ઠ બેટ્સમેન, બોલર, ફિલ્ડર, કેચર અને પ્લેયર ઓફ ધ મેચ મહિલા ખેલાડીઓને ટ્રોફી આપવામાં આવી હતી. દમણમાં પહેલીવાર આ લેધર-બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવા બદલ તમામ મહિલા ખેલાડીઓએ દમણ અને દમણ દીવ પ્રશાસનનો આભાર માન્યો. ખેલો ઈન્ડિયા સેન્ટર ખાતે રાજ્યની બહારની મહિલા ખેલાડીઓ માટે ઉત્તમ રહેવાની વ્યવસ્થા અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

સપના ગુપ્તા અને સિદ્ધિ દુબેને સ્મૃતિચિહ્નો, ત્રણ ક્રિકેટ કિટ અને બેગ અને બે અંગ્રેજી વિલો બેટ ભેટમાં આપવામાં આવ્યા હતાં.

દમણ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અમિત કુમારે તમામ મહિલા ખેલાડીઓ માટે યુટ્યુબ લાઈવ અને વિડીયો કોન્ફરન્સનું પણ આયોજન કર્યું હતું. LEDs આપીને આંતરરાષ્ટ્રીય સ્તરની અસર ઉભી કરવામાં આવી હતી.

## ઉદવાડામાં દ. ગુ. વરિષ્ઠ નાગરિક સંઘની કારોબારી મીટીંગ સંપન્ન




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૨ :** દક્ષિણ ગુજરાત વરિષ્ઠ નાગરિક સંઘની પ્રથમ કારોબારી મીટીંગ હોટલ એપીકલ ઉદવાડા ખાતે સંઘ પ્રમુખ કિરીટ શાહના વડપણ હેઠળ આયોજીત કરવામાં આવી હતી. સભાના પ્રારંભે તાજેતરમાં સંસ્થાના છે. સભ્યો કે તેમના સ્વજનોનું અવસાન થયું હતું તેમને શ્રધ્ધાંજલી આવી હતી. ત્યાર બાદ યજમાન ક્લબ ફેડરેશન ઓફ સીનીયર સીટીઝન ચલા વાપીના સભ્ય જયદીપ શુકલ દ્વારા રજુ થયેલ મંત્રોચ્ચારો અને પ્રાર્થના પછી મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય સાથે મીટીંગનો પ્રારંભ થયો હતો. મીટીંગમાં બારડોલી, માંડવી, નવસારી વિજલપોર, અમલસાડ ગણદેવી બીલીમોરા વલસાડ પારડી તથા વાપીના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. સંઘ પ્રમુખ કિરીટ શાહે સૌ મહેમાનોનેને પુષ્પ ગુચ્છને બદલે નાનકડા છોડની ભેટ સાથે આવકાર્યા હતા અને સૌનું અભિવાદન કર્યું હતું.

પુર્વ પ્રમુખ ડો. ભરતભાઈ દેસાઈએ તેમના ઉદબોધનમાં માર્ગદર્શન સાથે નવનિયુક્ત પ્રમુખ કિરીટ શાહને શુભકામનાઓ પાઠવી હતી. મંત્રી હરીશભાઈ ટંડેલે ફરીથી મંત્રી તરીકે નિયુક્ત કરવા માટે પ્રમુખ કિરીટ શાહ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી તમામ જવાબદારી સુપેરે પુરી પાડવા ખાતરી આપી હતી. માંડવીથી આવી ઉપસ્થિત ઉપપ્રમુખ જતીનભાઈ શાહે તેમના પ્રેરક વકતવ્ય આવ્યું હતું.

પ્રતિભાવમાં જણાવ્યું કે આપણી તમામ સંસ્થાઓના વયસ્કોના જે પ્રશ્નો છે તેની અસરકારક રજુઆત કરવા માટે આપણે સૌ પ્રથમ આપણી આ સંસ્થાને રજીસ્ટર કરાવી જો આગળ વધશું તો આપણી રજુઆત આપણે સફળ અને શ્રેષ્ઠ રીતે કરી શકીશું.

સાથે જ એમણે પ્રમુખ કિરીટ શાહને શુભેચ્છાઓ સાથે સંપૂર્ણ સહકારની ખાતરી આપી વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સુરતના હરીશભાઈ નાયકની શુભેચ્છાઓનો ઉલ્લેખ કરી એમને યાદ કર્યા હતાં. હવે પછીની મીટીંગ બીલીમોરા ખાતે આયોજીત કરવાની યજમાનની જાહેરાત હરીશભાઈ ટંડેલ દ્વારા કરવામાં આવી. અંતે યજમાન ક્લબ ફેડરેશન ઓફ સીનીયર સીટીઝન ચલા વાપીના પ્રમુખ ઉષાબહેન શાહે ઉપસ્થિત સૌને ફરીથી આવકારી જણાવ્યું હતું કે અમારી નાનકડી ક્લબના અમારા પુર્વ પ્રમુખ અને સક્રિય સભ્ય કિરીટ શાહને સંઘની કારોબારીએ પ્રમુખપદે નીમ્યા એ અમારે માટે ગર્વ અને આનંદની વાત છે. ત્યારે અમારી સંસ્થા સંઘની દરેક પ્રવૃતિઓમાં સાથ અને સહકાર આપશે. તો વાપી ફેડરેશનના જગદિશ શાહે આભારવિધિ સાથે સૌને ભોજન માટે નિમંત્રિત કર્યા હતા. મીટીંગ સમાપન બાદ સરસ ભોજન સાથે સૌ ઉપસ્થિત સભ્યોએ મીટીંગ ના સરસ આયોજન માટે સૌને અભિનંદન પાઠવી બીરદાવ્યા હતાં.

## વલસાડમાં રકતદાન શિબિર યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડના વેપારી બાબુભાઈ રાજપુરોહિતે પોતાના પુત્રના જન્મ દિને રકતદાન શિબિર યોજી અનોખી રીતે ઉજવણી કરી હતી વલસાડ કૈલાસ રોડ પર આવેલ રાજપુરોહિત સમાજ હોલમાં પુત્ર નિખિલ રાજપુરોહિતના જન્મ દિને રકતદાન શિબિરનું આયોજન કરાયું હતું જેમાં સમાજ ના અનેક લોકો એ રકતદાન કર્યું હતું.

નિખિલ રાજપુરોહિત અનેક સમાજ સેવા કાર્યથી જોડાયેલા છે તેઓ શ્રી હનુમાન ફાઉન્ડેશન સંસ્થા ચલાવે છે. સાથે આશ્રમોમા જમણવાર અને ઉનાળામાં પાણીનું પરબ શરૂ કરી મફત લોકો માટે ઠંડું પાણી પીવાની સેવા કરે છે.


આ શિબિરમાં ઉપસ્થિત બ્લડ બેંકના ડિરેક્ટર ભાવેશભાઈએ જણાવ્યું કે બ્લડ બેંક ૧૯૮૪થી ૪૫૦૦ જેટલી રક્ત યુનિટનું દાન મેળવેલ છે. એક યુનિટ રક્ત ૩ માનવને જીવતદાન આપે છે દરેક લોકોએ રકતદાન કરી માનવ સેવા કરવી જોઈએ વધુમાં ભાવેશભાઈ એ જણાવ્યું કે સરકારની યોજના મુજબ આદિવાસીઓને રક્તની જરૂર હોય તો મફત રક્ત મળે છે. પુરાવા માટે જાતિનો દાખલો અને આધાર કાર્ડ આપવાનું હોય છે. સિકલસેલ તેમજ થેલોસફિનિયાના દર્દીઓને પણ મફત રક્ત મળે છે.

આ ઉપરાંત સરકારી સિવિલ હોસ્પિટલમાં જે.એસ. એસ. કે. અને પી.એમ. જે એ.વાય. હેઠળ મફત રક્ત મળે છે.

એ સિવાય રક્ત કરનાર વ્યક્તિના પરિવાર ને મફત મળે છે વધુ મા ભાવેશભાઈ એ જણાવ્યું કે દરેક વ્યક્તિએ દર ત્રણ મહિને રક્ત દાન કરવું જોઈએ આ પ્રસંગે બાબુભાઈ રાજપુરોહિત, અજીત રાજપુરોહિત તેમજ સમાજના અનેક લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.


# ભારત સરકારનું લક્ષ્ય, દરેક ખેડૂત સમૃદ્ધ

સત્યમેવ જયતે
Government of India



## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી

દ્વારા

**પીએમ કિસાન સન્માન નિધિના ૨૨મા હપ્તા હેઠળ, રૂા. ૧૮ હજાર ૬૪૦ કરોડથી વધુની માનદ રકમ ૯ કરોડ ૩૨ લાખથી વધુ ખેડૂતોના બેંક ખાતામાં સીધા ટ્રાન્સફર**

૧૩ માર્ચ ૨૦૨૬ | સાંજે ૫ : ૦૦ વાગે | જ્યોતિ-વિષ્ણુ આંતરાષ્ટ્રીય સંસ્કૃતિ કેન્દ્ર, ખાનાપારા, ગુવાહાટી, આસમ

### પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના

- અત્યાર સુધીમાં, ખેડૂતોને માનદ વેતન તરીકે રૂા. ૪ લાખ ૯ હજાર કરોડથી વધુ રકમ મળી
- વિશ્વની સૌથી મોટી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) યોજનાઓમાંની એક
- ખેડૂતોને વાર્ષિક રૂા.૬૦૦૦ ની સહાય
- પીએમ કિસાન લાભાર્થીઓમાં ૮૫ % થી વધુ નાના અને સીમાંત ખેડૂતો
- દર ૪ પીએમ કિસાન લાભાર્થીઓમાંથી એક મહિલા લાભાર્થી

### છેલ્લા ૧૨ વર્ષમાં કૃષિ ક્ષેત્રમાં અભૂતપૂર્વ સિદ્ધિઓ

- ભારત ૧૫ કરોડ ટન થી વધુ ચોખાના ઉત્પાદન સાથે વિશ્વનો સૌથી મોટો ઉત્પાદક દેશ બન્યો
- ખાદ્ય અનાજનું ઉત્પાદન ૨૫૨ મિલિયન ટન થી વધીને ૩૫૭ મિલિયન ટન થી વધુ થયું
- બાગાયતી પાકોનું ઉત્પાદન ૨૭૭ મિલિયન ટન થી વધીને ૩૬૯ મિલિયન ટન થયું, સાથે જ ભારત કેરી, જામફળ, મેંગોસ્ટીન, કેળા અને પપૈયાનો વિશ્વનો સૌથી મોટો ઉત્પાદક દેશ બન્યો
- કઠોળ સ્વ-નિર્ભરતા મિશન નોંધાયેલા ઇચ્છુક ખેડૂતો પાસેથી MSP પર તુવેર, અડદ અને મસૂરની ખરીદી ની ખાતરી
- કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં AI-આધારિત રાષ્ટ્રીય ડિજિટલ પ્લેટફોર્મ, 'ભારત VISTAAR'ની જાહેરાત કરવામાં આવી, જે ખેડૂતોને સરળ અને સીધી ભાષામાં ખેતી સંબંધિત માહિતી, સેવાઓ અને સલાહ પ્રદાન કરશે
- ઘઉં, ડાંગર, કપાસ, કઠોળ અને તેલીબિયાં પાકોની ખરીદી રૂા.૨૬ લાખ કરોડથી વધુના MSP પર કરવામાં આવી
- રૂા. ૧૫ લાખ ૫૦ હજાર કરોડ ની ખાતર સબસિડી ખેડૂતોને યોગ્ય સમયે અને પોષણક્ષમ ભાવે ખાતરના પુરવઠાની ખાતરી
- કૃષિ ધિરાણ પ્રવાહ રૂા. ૮ લાખ ૮૫ હજાર કરોડ થી વધીને રૂા. ૨૮ લાખ ૬૯ હજાર કરોડ થયો, જેનાથી ગ્રામીણ અર્થતંત્રને મજબૂત પ્રોત્સાહન મળ્યું
- પ્રધાનમંત્રી પાક વીમા યોજના હેઠળ, કુદરતી આફતોને કારણે થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે ખેડૂતોને લગભગ રૂા. ૨ લાખ કરોડ ચૂકવવામાં આવ્યા
- કૃષિ બજેટમાં અભૂતપુર્વ વધારો થયો, જે રૂા. ૨૭ હજાર કરોડ થી વધીને રૂા. ૧ લાખ ૪૦ હજાર કરોડ થી વધુ થયો

CBC 01102/13/0012/2526

## બીજથી બજાર સુધીના દરેક પગલા પર ખેડૂતો સાથે, ભારત સરકાર

કાર્યક્રમનું સીધુ પ્રસારણ ડીડી ન્યુઝ અથવા ડીડી કિસાન ચેનલ પર જોવો | ન્યૂઝ | કિસાન

કિસાન કોલ સેન્ટર ૧૮૦૦-૧૮૦-૧૫૫૧ (સવારે ૬ થી ૧૦)

કાર્યક્રમનું સીધુ પ્રસારણ નીચે આપેલ વેબસાઈટ પર જોઈ શકાય છે pmindiawebcast.nic.in

ફોલો કરો

ભારતી કિસાનના નવા એઆઈ ચેટબોટ વધુ જાણકારી માટે ૧૫૫૨૬૧ નો સંપર્ક કરો

ભારત વિસ્તાર એપ ડાઉનલોડ કરવા માટે સ્કેન કરો





**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં વિશ્વ મહિલા દિવસ નિમિત્તે વિજ્ઞાન કેન્દ્રના મહિલા સહકર્મી વિભૂતી પટેલ દ્વારા વિશિષ્ઠ પ્રકારના સોલર ફિલ્ટરનો ઉપયોગ કરી મહિલાઓ અને અન્ય મુલાકાતીઓને સૂર્ય તથા એના પરના સૂર્ય કલંકો (સનસ્પોટ)ના દર્શન કરાવાયા હતાં. સાથે જ ધોળે દિવસે શુક્રના ગ્રહને પણ ટેલિસ્કોપથી બતાવવામાં આવ્યો હતો. જે જોઈને સૌને આશ્ચર્ય અને રોમાંચ અનુભવ્યા હતાં.

# ગાંધીનગર નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગાંધીનગરના સેક્ટર-૨૩ ખાતે ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ એન્ડ ટેકનોલોજી - GUJCOST, પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ધ્વારા ૮ માર્ચ ૨૦૨૬ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નિસર્ગ મહિલા વિજ્ઞાન ક્લબના આયોજન હેઠળ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગરના સ્કૂલ ઑફ બિહેવિયરલ ફોરેન્સિક્સની એસોસિયેટ પ્રોફેસર ડૉ. પ્રિયંકા કક્કર ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે ડીપ્રેશન અને માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ વિષય પર ખૂબ જ માહિતીસભર અને પ્રેરણાદાયી વ્યાખ્યાન આપ્યું હતું.

તેમણે પોતાના પ્રવચનમાં ડી-ેશન શું છે, તેના કારણો શું હોઈ શકે, તેમજ તેમાંથી બહાર આવવા માટેના ઉપાયો વિશે સરળ અને વૈજ્ઞાનિક રીતે સમજણ આપી હતી. ખાસ કરીને મહિલાઓમાં માનસિક તણાવ, પરિવાર અને સમાજની જવાબદારીઓ વચ્ચે સંતુલન કેવી રીતે રાખવું અને સકારાત્મક વિચારસરણી દ્વારા માનસિક સ્વાસ્થ્ય કેવી રીતે મજબૂત બનાવી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં નિસર્ગ મહિલા વિજ્ઞાન ક્લબની સભ્યાઓ, મહિલા સશક્તિકરણ ગ્રુપની બહેનો તેમજ યુવા વિદ્યાર્થિનીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઉપસ્થિત બહેનો દ્વારા પ્રશ્નોત્તરી સત્રમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે નિસર્ગ મહિલા વિજ્ઞાન ક્લબના કન્વીનર મીતાબેન ભટ્ટ તેમજ સહ કન્વીનર દિપીકાબેન વાઘેલા તરફથી ડૉ. પ્રિયંકા કક્કરનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને તેમના માર્ગદર્શન માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી અને આગામી કાર્યક્રમની રૂપરેખા જણાવવામાં આવી હતી.

# ગુજરાત પાસે ટૂંક સમયમાં સ્થાનિક સાપોના ઝેરમાંથી બનેલું એન્ટિવેનમ હશે



**ભારત સર્પદંશથી માનવ મૃત્યુ અટકાવવા માટે રાષ્ટ્રીય કાર્યયોજના જાહેર કરનારો વિશ્વનો પ્રથમ દેશ**





## ગુજરાત સરકાર દ્વારા ધરમપુર ખાતે સ્થાપિત સર્પ સંશોધન કેન્દ્રમાં ગુજરાતમાં જોવા મળતી ઝેરી સાપની પ્રજાતિઓમાંથી ઝેર એકત્રિત કરીને એન્ટિવેનમ તૈયાર કરવામાં આવે છે : તાજેતરમાં સાપોનાં ઝેરની હરાજીમાં ઝેરની ઉચ્ચ ગુણવત્તાને કારણે અપેક્ષા કરતાં વધુ કિંમત મળી હતી

ગુજરાત રાજ્યમાં સર્પદંશથી થતા માનવ મૃત્યુને ઘટાડવા માટે ગુજરાત સરકાર પાસે ટૂંક સમયમાં રાજ્યમાં જોવા મળતા ઝેરી સાપોમાંથી જ બનાવેલું એન્ટિવેનમ ઉપલબ્ધ થશે. સર્પદંશથી થતા માનવ મૃત્યુઓને ઘટાડવા માટે આ પગલું અસરકારક સાબિત થશે.

ઉલ્લેખનીય છે કે, દક્ષિણ ગુજરાતમાં આવેલા વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે ગુજરાત સરકારે સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SRI) નામની સંસ્થા સ્થાપી છે. ધરમપુર સ્થિત આ સંસ્થામાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાં જોવા મળતા ઝેરી સાપોને લાવવામાં આવે છે. હાલમાં, અંદાજે ૪૬૦ ઝેરી સાપો અહીં રાખવામાં આવ્યા છે. સાપોની સંભાળ અને ઝેર કાઢવાની પ્રક્રિયામાં વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ની માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવે છે. આધુનિક ટેક્નોલોજી દ્વારા સાપમાંથી કાઢવામાં આવેલા ઝેરની પ્રક્રિયા કરીને પાવડર સ્વરૂપમાં રૂપાંતરિત કરવામાં આવે છે. આ પાવડરની હરાજી કરી લાયસન્સ ધરાવતા એન્ટિવેનમ બનાવતા ઉત્પાદકોને આપવામાં આવશે. આ ઉત્પાદકો તેમાંથી જે એન્ટિવેનમ બનાવશે તેને ગુજરાત સરકાર ખરીદી લેશે અને ગુજરાતની વિવિધ હોસ્પિટલોને સર્પદંશની સારવાર માટે એન્ટિવેનમ પુરું પાડશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં સર્પદંશથી થતા માનવ મૃત્યુને અટકાવવા સઘન પગલા લેવામાં આવી રહ્યા છે અને આ માટે ગુજરાતમાં જોવા મળતા ઝેરી સાપોમાંથી જ મેળવેલા ઝેરમાંથી એન્ટીવેનમ બનાવવાનું મહત્વનું કામ પ્રગતિમાં છે.

સર્પ સંશોધન કેન્દ્ર દ્વારા તાજેતરમાં થઈ ઝેરની ઇ-હરાજી આ સર્પ સંશોધન કેન્દ્રએ તાજેતરમાં ગુજરાતમાં જોવા મળતી ચાર મુખ્ય ઝેરી સાપની પ્રજાતિઓ—ઈન્ડિયન કોબ્રા, કોમન ક્રેટ, રસેલ્સ વાયપર અને સૉ-સ્કેલ્ડ વાયપર—ના લાયોફિલાઇઝ્ડ (પાવડર સ્વરૂપમાં) ઝેરની ઈ-હરાજી કરી હતી. આ હરાજીમાં લાયસન્સ ધરાવતા એન્ટિવેનમ બનાવતા ઉત્પાદકોએ ભાગ લીધો હતો. આ સંસ્થામાં રાખવામાં અને સાચવવામાં આવેલા ઝેરી સાપોમાંથી કાઢેલા ઝેરની ગુણવત્તા એટલી સારી હતી કે, આ ઝેર માટે ધાર્યા કરતા પણ ઉંચી કિંમત મળી.

સર્પ સંશોધન કેન્દ્રનાં એક ઉચ્ચ અધિકારીએ માહિતી આપતા જણાવ્યું કે, ઈન્ડિયન કોબ્રાના ઝેર માટે પ્રતિ ગ્રામ રૂા.૪૦,૦૦૦ની બેઝ પ્રાઈસ (આધાર કિંમત) નક્કી કરવામાં આવી હતી, પરંતુ અમને પ્રતિ ગ્રામ રૂા. ૪૪,૦૦૦ મળ્યા. સૉ-સ્કેલ્ડ વાયપરના ઝેર માટે પ્રતિ ગ્રામ રૂ. ૫૦,૦૦૦ની આધાર કિંમત સામે રૂા. ૫૬,૫૦૦ મળ્યા. અન્ય પ્રજાતિઓ માટે પણ સારો પ્રતિસાદ મળ્યો અને ઉંચી કિંમત મળી. સર્પ સંશોધન કેન્દ્રના ઉપાધ્યક્ષ ડૉ. ડી.સી. પટેલે જણાવ્યું કે, સર્પદંશની સારવારમાં મુખ્ય પડકાર એ છે કે સાપનું ઝેર પ્રદેશ પ્રમાણે બદલાય છે. દૂરનાં પ્રદેશના ઝેરથી બનાવેલું એન્ટિવેનમ ઘણી વખત ઓછું અસરકારક સાબિત થાય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે ગુજરાત સરકારે સર્પ સંશોધન કેન્દ્રની સ્થાપના કરી છે અને અહીં ગુજરાતમાં જોવા મળતી ઝેરી સાપની પ્રજાતિઓમાંથી ઝેર એકત્રિત કરીને એન્ટિવેનમ તૈયાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. અમને આશા છે કે, ગુજરાતમાંથી પકડેલા સાપનાં ઝેરમાંથી બનેલા એન્ટિવેનમ સર્પદંશની સારવારમાં વધુ અસરકારક નીવડશે.''

ડૉ. ડી. સી. પટેલ જનરલ સર્જન છે, અને સર્પદંશની સારવારમાં તેમનું મહત્વનું યોગદાન છે. તેઓ ધરમપુરમાં હોસ્પિટલ ચલાવે છે અને સર્પદંશની સારવારમાં ૯૮ ટકાથી વધુ સફળતા

**સાયન્સ કોર્નર**
**- વિકાસ ઉપાધ્યાય**

દર સાથે સાપદંશ પીડિતોની સારવાર કરે છે. છેલ્લા ૩૫ વર્ષથી તેઓએ સંભાળેલા દરેક સાપદંશ કેસનું દસ્તાવેજીકરણ પણ કરવામાં આવે છે.

ડૉ. પટેલે વધુમાં જણાવ્યું કે, અહીં રાખવામાં આવેલા સાપોમાંથી મેળવવામાં આવતું ઝેર ઉચ્ચ ગુણવત્તાનું છે કારણ કે સંસ્થા WHOની માર્ગદર્શિકા અનુસરે છે. સંસ્થા દ્વારા પૂરા પાડેલા ઝેર પરથી તૈયાર કરાયેલ એન્ટિવેનમ ઉપલબ્ધ થતાં રાજ્યમાં સર્પદંશ સંબંધિત મૃત્યુઓમાં ઘટાડો થવાની આશા છે.

સર્પ સંશોધન કેન્દ્રને આગામી સમયમાં વિશ્વ કક્ષાની સંસ્થા બનાવવાનું આયોજન

સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SRI) ગાંધીનગર સ્થિત ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન (GFRF)નાં તાબા હેઠળ કાર્ય કરે છે. GFRF ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ હેઠળની સ્વાયત્ત સંસ્થા છે. રાજ્યમાં સાપદંશ સંબંધિત મૃત્યુઓ ઘટાડવા માટે સંશોધન, તાલીમ અને જનજાગૃતિ ક્ષેત્રે સર્પ સંશોધન કેન્દ્ર મહત્વપૂર્ણ કામ કરે છે.

સર્પ સંશોધન કેન્દ્રને આગામી સમયમાં વિશ્વ કક્ષાનું બનાવવા માટેની યોજના ઘડાઇ ચૂકી છે. વલસાડ કલેક્ટર દ્વારા આ સંસ્થાનું કાયમી કેમ્પસ બનાવવા અને તેને સંબધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવા માટે ૨.૨૫ હેક્ટર જમીન ફાળવવામાં આવી છે. આ સંસ્થાને વર્લ્ડ-ક્લાસ કેન્દ્ર તરીકે વિકસાવવા માટે રૂા.૧૧.૬૮ કરોડનો પ્રસ્તાવ ગુજરાત સરકાર સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે. દેશમાં એન્ટિવેનમ બનાવવા માટે સાપમાંથી ઝેર કાઢવાની પ્રવૃતિ હાલ તમિલનાડુ સ્થિત ઈરુળા સ્નેક કેચર્સ ઈન્ડસ્ટ્રિયલ કો-ઓપરેટિવ સોસાયટી લિ. કરે છે. ધરમપુર સ્થિત સર્પ સંશોધન કેન્દ્ર હવે આ કામ કરતી દેશની બીજી સંસ્થા બની છે.

ભારત સર્પદંશ એન્વેનોમિંગ માટે રાષ્ટ્રીય કાર્યયોજના ધરાવતો વિશ્વનો પ્રથમ દેશ ભારત સર્પદંશ એન્વેનોમિંગ માટે રાષ્ટ્રીય કાર્યયોજના ધરાવતો વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે માર્ચ ૨૦૨૪માં 'નેશનલ એક્શન પ્લાન ફોર પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ ઑફ સ્નેકબાઈટ એન્વેનોમિંગ (NAP-SE)' નો કાર્યક્રમ લોન્ચ કર્યો હતો. આ વ્યાપક માળખું રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને પોતાની કાર્યયોજનાઓ બનાવવા માર્ગદર્શન આપે છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ એ છે કે, વર્ષ ૨૦૩૦ સુધીમાં સર્પદંશથી થતા માનવ મૃત્યુ અને અપંગતા ૫૦ ટકા સુધી ઘટાડો કરવાનો છે., ગુજરાતની સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SRI) આ લક્ષ્ય હાંસલ કરવા તરફનું મહત્વપૂર્ણ પગલું છે.

સર્પ સંશોધન કેન્દ્ર લોકોમાં સર્પદંશ વિશે જાગૃતિ લાવવાનું કામ પણ કરે છે. અત્યાર સુધીમાં લગભગ ૩૦૦થી વધુ સ્થાનિક સાપ રેસ્ક્યુઅર્સ અને ૨૩ જિલ્લાઓમાં ૧,૪૯૫થી વધુ ડૉક્ટરો અને મેડિકલ ઓફિસરોને સર્પદંશ વ્યવસ્થાપન અંગે તાલીમ આપવામાં આવી છે. આ પ્રયાસો ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં તાત્કાલિક રિસ્પોન્સ અને સારવારના પરિણામોમાં સુધારો લાવી રહ્યા છે.

સર્પ સંશોધન કેન્દ્ર (ધરમપુર) જાગૃતિનાં કાર્યક્રમો ચલાવે છે. શિક્ષકોને તાલીમ આપે છે અને સ્થાનિક પંચાયતો સાથે મળીને સાપ અંગેની અંધશ્રદ્ધા દૂર કરવા તથા સુરક્ષિત પદ્ધતિઓ પ્રોત્સાહિત કરવા કામ કરે છે. સંસ્થાએ 'સ્નેક્સ ઓફ વલસાડ' નામની ફોટોગ્રાફિક ફિલ્ડ ગાઈડ પ્રકાશિત કરી છે અને આ સંદર્ભે એક દસ્તાવેજી ફિલ્મ પણ તૈયાર કરી છે.

### ગુજરાતમાં બાયોટેકનોલોજી અને વિજ્ઞાન ક્ષેત્રે પ્રગતિનો નવો યુગ

# 'જ્ઞાન આધારિત અર્થતંત્ર' તરફ આગળ વધતું ગુજરાત

**સીડ ગ્રાન્ટ, ઈક્વિટી ફંડિંગ, વૈજ્ઞાનિક સાધનો, મેન્ટરિંગ અને ઈન્ક્યુબેશન જેવી સુવિધાઓ થકી અત્યાર સુધીમાં ૧૩૦થી વધુ ટેકનોલોજી આધારિત સ્ટાર્ટ-અપ્સને સહાય આપવામાં આવી**

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજરાત આજે માત્ર ઉદ્યોગોનું હબ નથી, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ' વિકસિત ભારત @ ૨૦૪૭' ના વિઝનને સાકાર કરવા વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે પણ અગ્રેસર બન્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાત જ્ઞાન આધારિત અર્થતંત્રે તરફ આગળ વધી રહ્યું છે.

સંશોધન, નવીનતા, સ્ટાર્ટઅપ્સ, શિક્ષણ અને વૈજ્ઞાનિક જાગૃતિ – ક્ષેત્રોમાં રાજ્યએ નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. ગુજરાત આજે બાયોટેકનોલોજી અને વિજ્ઞાનના ક્ષેત્રમાં એક અભૂતપૂર્વ ક્રાંતિનું સાક્ષી બની રહ્યું છે. વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુનભાઇ મોઢવાડિયાના સબળ નેતૃત્વ હેઠળ વિવિધ સંસ્થાઓના સંયુક્ત પ્રયત્નોથી ગુજરાતમાં એક મજબૂત અને સક્રિય સાયન્ટિફિક ઇકોસિસ્ટમ વિકસિત થઇ છે?.

ગુજરાતે વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે ગુજરાતે વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. જેમાં , વડાપ્રધાનના સ્ટાર્ટઅપ ઇન્ડિયા અભિયાનને વેગ આપતા, STBI આજે દેશના ટોચના બાયો-ઇન્ક્યુબેટરોમાં સ્થાન પામ્યું છે. આ સંસ્થા ટેકનોલોજી આધારિત સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપે છે અને 'આત્મનિર્ભર ગુજરાત ફેલોશિપ' જેવી પહેલ દ્વારા યુવાનો અને પ્રોફેશનલ્સને માસિક ભથ્થું તેમજ ઈનોવેશન ગ્રાન્ટની સહાય આપે છે. સીડ ગ્રાન્ટ, ઇક્વિટી ફંડિંગ, વૈજ્ઞાનિક ઉપકરણો, મેન્ટરિંગ અને ઈન્ક્યુબેશન જેવી સુવિધાઓ થકી અત્યાર સુધીમાં ૧૩૦થી વધુ ટેકનોલોજી આધારિત સ્ટાર્ટ-અપ્સને સહાય આપવામાં આવી છે.

**Gujarat Biotechnology Research Centre (GBRC)**

GBRC એ ગુજરાત સરકારનું ગાંધીનગર સ્થિત આધુનિક બાયોટેક સંશોધન કેન્દ્ર છે. અહીં દેશની બીજી અત્યાધુનિક BSL-૪ લેબોરેટરીનું નિર્માણ થઈ રહ્યું છે, જે કોરોના, ચાંદીપુરા અને ઇબ્રુજ જેવા ગંભીર વાયરસ પર સંશોધન માટે નિર્ણાયક સાબિત થશે. વધુમાં, ભારત સરકારના બાયોટેકનોલોજી વિભાગના પ્રોજેક્ટ "Genome India Initiative" હેઠળ ૧૦,૦૦૦ ભારતીયોના જીનોમ સિક્વન્સિંગની મહત્વની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેક્ટમાં ૨૧ જેટલી નેશનલ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ સાથે મળીને કામગીરી કરી જેમાં જીબીઆરસી રાજ્ય સરકારની રિસર્ચ સંસ્થા છે. ચાંદીપુરા વાયરસ માટે PCR આધારિત ટેસ્ટ વિકસાવી નિદાનનો સમય ઓછો કરવામાં આવ્યો છે. એન્ટિમાઈક્રોબિયલ રેસિસ્ટન્સ પર વ્યાપક સંશોધન અને મસ્ક્યુલર ડિસ્ટ્રોફી તથા કેન્સર નિદાન માટેની ટેક્નોલોજી ટ્રાન્સફર જેવી સિદ્ધિઓ ગ્બ્યને વિશેષ બનાવે છે.

**Gujarat Biotechnology University (GBU)**

ગાંધીનગર ખાતે કાર્યરત GBU એ વર્ષ ૨૦૨૫-૨૦૨૬ દરમિયાન શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ નોંધાવી છે. દેશના ૧૬ રાજ્યોમાંથી GATE-B લાયકાત ધરાવતા ૧૦૮ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. યુનિવર્સિટીના ફેકલ્ટી સભ્યોને પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માન્યતાઓ પ્રાપ્ત થઇ છે. યુનિવર્સિટી દ્વારા સંશોધન ક્ષેત્રે ૪૫ જર્નલ પ્રકાશનો અને ૪ પેટન્ટ દાખલ કરી નોંધપાત્ર કામગીરી કરવામાં આવી રહી છે. યુનિવર્સિટી ખાતે Bio-AI અને E-waste Management જેવા સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપિત થયા છે. યુનિવર્સિટી સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપી ઉદ્યોગ સાથે મજબૂત ભાગીદારી વિકસાવી રહી છે. મરિન બાયોટેકનોલોજી અને પ્રિસિઝન હેલ્થ, મલ્ટી ઓમિક્સ પ્લેટફોર્મ્સ જેવા ઉભરતા ક્ષેત્રોમાં તેનું વિસ્તરણ રાજ્યને સંશોધન આધારિત અર્થતંત્ર તરફ દોરી જશે.

**Science City:અમદાવાદ**

Gujarat council of Science City વિજ્ઞાન પ્રસારનું અગત્યનું કેન્દ્ર છે. અમદાવાદ ખાતે આવેલી સાયન્સ સિટીમાં ૩ડી થિયેટર, પ્લેનેટ અર્થ, નેચર પાર્ક, લાઈફ સાયન્સ પાર્ક, એક્વાટિક ગેલેરીઅને રોબોટિક ગેલેરી, અસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી જેવા આકર્ષણો ઉપલબ્ધ છે. જુલાઈ ૨૦૨૧થી અત્યાર સુધી ૫૧ લાખથી વધુ મુલાકાતીઓએ સાયન્સ સિટીની મુલાકાત લીધી છે. STEM આધારિત વિવિધ કાર્યક્રમો, વર્કશોપ અને ઇન્ટર્નશિપ દ્વારા અનેક વિદ્યાર્થીઓને વિજ્ઞાન ક્ષેત્રનો અનુભવ મળ્યો છે. સ્પેસ ફેસ્ટીવલ, સમર સાયન્સ, નેશનલ વાઈલ્ડ લાઈફ વીક, નેશનલ એન્જિનિયર્સ ડે, વર્લ્ડ ઓઝોન ડે, વર્લ્ડ સ્પેસ વીક જેવા કાર્યક્રમોમાં બહોળા પ્રમાણમાં શિક્ષકો-વિદ્યાર્થીઓએ સહભાગી થયા છે.

**Gujarat Council on Science & Technology**

GUJCOST રાજ્યમાં વિજ્ઞાન પ્રસાર અને વૈજ્ઞાનિક અભિગમ કેળવવા કાર્યરત છે. પાટણ, ભુજ, રાજકોટ અને ભાવનગર ખાતેના રિજીયોનલ સાયન્સ સેન્ટર્સની દરરોજ હજારો વિદ્યાર્થીઓ અને નાગરિકો મુલાકાત લઈ રહ્યા છે. "Gujarat STEM Quiz 4.0" અને ROBOFEST-GUJARAT જેવી પહેલો રાષ્ટ્રીય સ્તરે પ્રચલિત બની અનેક વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બની છે. ROBOFEST-GUJARATની પાંચમી આવૃતિને રાષ્ટ્રવ્યાપી પ્રતિસાદ મળ્યો છે. દેશભરની ૧૯૮ યુનિવર્સિટી અને સંસ્થાઓ, ૧૨૭ શાળાઓ, ૫૪ પોલિટેકનિક કોલેજો અને ૭ આઈટીઆઈના ૧૦,૪૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લેવા માટે નોંધણી કરાવી હતી. રાજ્યમાં મજબૂત બૌદ્ધિક સંપતિ - IP ઈકોસિસ્ટમ ઉભું કરવા 33 IP અને ઇનોવેશન લેબ્સ અને ૫૦થી વધુ IP સેલ્સની સ્થાપના કરીને નવીનતા અને બૌદ્ધિક સંપત્તિ અંગે જાગૃતિ વધારવામાં આવી છે. વિજ્ઞાનને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાના ઉદેશ્ય સાથે શૈક્ષણિક મુલાકાત થકી સરકારી શાળા, એકલવ્ય શાળાઓ અને અન્ય શાળાના ૧.૩૪ લાખ વિદ્યાર્થીઓ ગુજરાત સાયન્સ સિટીની અનોખી દુનિયાની મુલાકાત લીધી છે.

**Gujarat State Biotechnology Mission (GSBTM)**

રાજ્યમાં બાયોટેક સંશોધનને સહાય અને આધાર પૂરો પાડે છે. સશોધન સહાય યોજના અંતર્ગત રિસર્ચ પ્રોજેક્ટ્સ અને નેટવર્ક પ્રોગ્રામ્સ થકી ૮૦થી વધુ પ્રોજેક્ટસને સહાય આપવામાં આવી છે. જેનો લાભ ૨૦૦ સંશોધકો અને ૧૫૦ રિસર્ચ ફેલોઝને મળ્યો છે.

ગુજરાતે બાયોટેકનોલોજીને આર્થિક વિકાસ, જાહેર આરોગ્ય સુરક્ષા અને ટેક્નોલોજીકલ આત્મનિર્ભરતા સાથે સાંકળીને એક સુવ્યવસ્થિત અને સ્થાયી વિકાસ મોડલ ઉભું કર્યું છે. વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુનભાઇ મોઢવાડિયાના નેતૃત્વમાં રાજ્ય સરકારે નીતિગત પ્રોત્સાહન આપીને ખાનગી રોકાણ અને સંશોધન માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડ્યું છે. સમગ્ર રીતે જોવામાં આવે તો આ સંકલિત દ્રષ્ટિકોણ રાજ્યને દેશની બાયો-ઇકોનોમી અને વૈજ્ઞાનિક નેતૃત્વના અગ્રેસર રાજ્ય તરીકે સ્થાપિત કરવાની દિશામાં દ્રઢ બનાવે છે.





**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

રાજકોટમાં ઓ.વી. શેઠ રિજીયોનલ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની બીગબેંગ એસ્ટ્રોનોમી કલબ દ્વારા વિશ્વ મહિલા દિન નિમિત્તે રાજકોટ સ્કાયવોચ નામનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં બીગબેંગ એસ્ટ્રોનોમી કલબની મહિલા સભ્યો 'સ્ટેલર સિસ્ટર્સ' દ્વારા અદ્યતન અને વિશાળ ટેલિસ્કોપનું સંચાલન કરી મહિલાઓને આકાશદર્શન કરાવવાનું વિશેષ આયોજન કરાયું હતું. એ અંતર્ગત કલબના વિશાળ ટેલિસ્કોપની મદદથી ગુરુનો ગ્રહ અને એના ચંદ્રોનું નિર્દેશન કરાવવામાં આવ્યુ હતું.

# ધ્રોલના વિમેન્સ સાયન્સ કલબ દ્વારા 'નારીરત્ન' સન્માન કાર્યક્રમ યોજાયો



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

આંતરાષ્ટ્રીય મહિલા દિવસે વિમેન્સ સાયન્સ ક્લબનો નારીરત્ન સન્માન કાર્યક્રમ યોજાયો ગુજકોસ્ટ ગાંધીનગર પ્રેરિત અને એમ ડી મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ ધ્રોલ સંચાલિત એમ.ડી. મહેતા જિલ્લા વિજ્ઞાનકેન્દ્ર ધ્રોલ દ્વારા છેલ્લા ૬ વર્ષથી કાર્યરત વિમેન્સ સાયન્સ ક્લબના ૪૫ મહિલા મેમ્બરનું આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે નારીરત્ન એવોર્ડ સન્માન અને ડાયટ જામનગરના ડો. સુરભીબેન પંડ્યાનું રોજિંદા જીવનમાં મહિલાઓ માટે વૈજ્ઞાનિક અભિગમનું મહત્વ પર વ્યખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

દીપ પ્રાગટ્ય બાદ સંસ્થાના સેક્રેટરી સુધાબેન ખંઢેરીયાએ સ્ત્રીશસક્તિકરણના મહત્વ પર ચર્ચા કરાયું હતું.

આ સમારંભમાં સમગ્ર વર્ષ થયેલ ક્લબની વૈજ્ઞાનિક પ્રવૃત્તિની ડોક્યુમેન્ટરીનું નિદર્શન કરેલ. ડો. સુરભીબેને મીલેટ્સ વિમેનની, રસોડાની મસાલા સામગ્રીનો આરોગ્યક્ષેત્રે ઉપયોગ, કોકમનું શરબતના ફાયદા, માય આયુર્વેદ કીટ પર્શની સાથે રાખવી વગેરે પર રસપ્રદ રજુઆત કરેલ. કાર્યક્રમમાં પધારેલ ક્લબ મેમ્બરોનું શિલ્ડ અને પ્રમાણપત્ર આપી નારીરત્ન સન્માન કરેલ જ્યારે અન્ય ૩૫ હાજર ગૃહિણી બહેનોનું અમને આપના પર ગર્વ છે. સંદેશ આપતા કાર્ડ દ્વારા અભિવાદન કરાયું હતું.

કેન્દ્રના ડો સંજય પંડ્યાએ સમગ્ર કાર્યક્રમની પૂર્વભૂમિકા અને સંચાલન કરેલ સાથે નવા વર્ષના વિમેન્સ સાયન્સ ક્લબમાં સામેલ થવા સંસ્થાના ચેરમેન ધર્મેશભાઈ મહેતા અને ડો. સંજય પંડ્યાનો ૯૯૭૯૨૪૧૧૦૦ સંપર્ક કરી શકાય છે.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ દુકાન નં.૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની. સામે, ઉમરગામ, 97240 70571/ 9898839269


# ઉમરગામની સંજાણ જિલ્લા પંચાયત બેઠક પર ઉમેદવારોનો રાફડો

## સંભવિત નામોમાં ભાજપના દિગ્ગજ નેતાઓના નામ ચર્ચામાં

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૧૨ :** ઉમરગામ તાલુકાની સંજાન જિલ્લા પંચાયત બેઠક પર ભાજપમાં ઉમેદવારો ઉમેદવારી માટે થનગની રહ્યા છે. વેપારી મથક ગણાતા સંજાણ જિલ્લા પંચાયત બેઠકમાં પડગામ ટીંભી, ભાઠી કરમબેલી, ગોવાડા, દહાડનો સમાવેશ થાય છે. સંજાણ જિલ્લા પંચાયત બેઠકના પરિણામોમાં સંજાણ ગામના મતદારોની મહત્વની ભૂમિકા રહે છે. ભાજપમાં સંજાણ વિસ્તારમાં ચૂંટણી સમયે સ્વ. કનુભાઈ સોનપાલનો અનુભવ અને તેઓની કાર્યક્ષમતા ખૂબ ઉપયોગી નીવડી હતી. સંજાણ જિલ્લા પંચાયત બેઠક પર જનરલ કેટેગરીના ઉમેદવારો ઉમેદવારી કરવા થનગની રહ્યા છે. ભાજપ દ્વારા સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં સાત જેટલા ચૂંટણી લડવાઈ ચૂક ઉમેદવારોએ દાવેદારી કરી હતી. સંજાણ બેઠક ઉપર કોંગ્રેસ ના કમીટેડ વોટરોની સંખ્યા પણ નોંધપાત્ર છે. અગાઉ આ બેઠક ઉપર અપસેટ સર્જાયો હતો. પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ મોહનભાઈ સલાટ, સંજાન ગ્રામ પંચાયતના ઉપસરપંચ પ્રદીપભાઈ, કેવિન સંજાણા, દહાડ ગ્રામ પંચાયત વિસ્તારમાંથી જીગ્નેશભાઈ નાયક, અનિલભાઈ જૈન, ના નામો હાલ ચર્ચામાં છે. તમામ દિગ્ગજોની દાવેદારી વચ્ચે સંજાણ જિલ્લા પંચાયત બેઠક પર કોંગ્રેસ પક્ષ પણ મજબૂત ઉમેદવાર ઉતારે એવી ચર્ચા છે. આગામી ચૂંટણીમાં આઠ જિલ્લા પંચાયત બેઠકો પૈકી કેટલીક બેઠકો પર અપક્ષ ઉમેદવારી નોંધાઈ એવી પણ ચર્ચા ચાલી રહી છે જે તે જિલ્લા પંચાયત બેઠક પર અપક્ષ પેનલ ના દિગ્ગજો ભાજપ સામે પડકાર ઊભો કરશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સાથે કેટલીક બેઠકો પર અપક્ષ ઉમેદવારોની દાવેદારી ચૂંટણીને રોચક બનાવશે. લાંબા સમયથી સત્તા પર રહેલા ભાજપ પક્ષ માટે નગરપાલિકા હોય કે પછી જિલ્લા તાલુકા પંચાયત બેઠકનો રિપીટેશન ફોર્મ્યુલા આશીર્વાદરૂપ સાબિત થશે એવું રાજકીય નિષ્ણાતોનું માનવું છે. ત્યારે હવે જોવું રહ્યું કે ઉમરગામ તાલુકા ની સંજાણ જિલ્લા પંચાયત બેઠક પર ભાજપ પુનરાવર્તન કરશે કે પછી કોંગ્રેસ પરિવર્તન લાવી ઈતિહાસ સર્જે છે એ તો આવનારો સમય જ બતાવશે.



### ઉમરગામ તાલુકા સરપંચ સંઘ ગાંધીનગરની મુલાકાતે

વિધાનસભામાં બજેટ સત્ર દરમિયાન બુધવારે ઉમરગામ તાલુકા સરપંચ સંઘ પ્રમુખ વઘાત, તથા વિવિધ ગામના સરપંચો અને ઉમરગામ શહેર સંગઠન પ્રમુખ મયંક પ્રેસવાલા, તથા અન્ય હોદ્દેદારો મનોજ ઝા, વિશ્વકર્મા ટંડેલ ગાંધીનગર ખાતે વિધાનસભાની કાર્યવાહીમાં પ્રેક્ષક તરીકે ઉપસ્થિત રહ્યા હતાં. ત્યારબાદ વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી તથા ધારાસભ્ય રમણભાઈ પાટકર સાથે ફોટો સેશન કરાવ્યું હતું.

# ગોલવડ રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નં.૩ અને ૪ અધુરા હોવાથી મુસાફરો મુશ્કેલીમાં

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૧૨ :** મહારાષ્ટ્ર અને ગુજરાતની સીમા પર આવેલું ગોલવડ રેલ્વે સ્ટેશન ખાતે પ્લેટફોર્મ નંબર ૩ અને ૪ હજુ પણ અધૂરા (શોર્ટેજ) હોવાથી મુસાફરોને મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. લાંબા અંતરની ટ્રેનો સ્ટેશન પર રોકાય ત્યારે ઘણા કોચ પ્લેટફોર્મની બહાર રહી જાય છે. પરિણામે મુસાફરોને સીધા રેલવે ટ્રેક પર ઉતરવું પડે છે, જેના કારણે અકસ્માતનો ખતરો વધે છે. ખાસ કરીને મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો અને નાના બાળકોને આ પરિસ્થિતિમાં વધુ મુશ્કેલી પડે છે.



ઘોલવડ સ્ટેશન પર દરરોજ મોટા પ્રમાણમાં મુસાફરોની અવરજવર થતી હોવા છતાં પ્લેટફોર્મની અપૂરી લંબાઈ ગંભીર સમસ્યા બની ગઈ છે. ઉપરાંત આ માર્ગ પર નવી ટ્રેનો વધારવાના મુદ્દે પણ રેલવે પ્રશાસન તરફથી અવગણના થતી હોવાની નારાજગી સ્થાનિક નાગરિકો અને મુસાફરો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ વચ્ચે વિસ્તારમાં બંદર નિર્માણ અને વિકાસના મોટા દાવા કરવામાં આવી રહ્યા છે, પરંતુ હકીકતમાં આવા નાના પરંતુ મહત્વના રેલવે સ્ટેશનોનો યોગ્ય વિકાસ થતો નથી, એવી ખેદજનક સ્થિતિ સ્થાનિક લોકો વ્યક્ત કરી રહ્યા છે. રેલવે સુવિધાઓમાં વધારો નહીં થાય તો આ વિસ્તારના વિકાસને ગતિ કેવી રીતે મળશે, એવો પ્રશ્ન પણ લોકો ઉઠાવી રહ્યા છે.

મુસાફરોની સુરક્ષાના દ્રષ્ટિકોણથી આ અત્યંત ગંભીર મુદ્દો છે. રેલવે પ્રશાસને તાત્કાલિક પ્લેટફોર્મ નંબર ૩ અને ૪ નું વિસ્તરણ કરવું જોઈએ અને આ માર્ગ પર મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને ટ્રેનોની સંખ્યા પણ વધારવી જોઈએ, એમ ગામના રહેવાસી એડ. તેજસ કાલેએ જણાવ્યું.

# ઉમરગામ પાલિકામાં વહીવટદાર તરીકે મામલતદારની નિમણૂંક

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૧૨ :** ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ઉમરગામ નગરપાલિકાના વહીવટદાર તરીકે ઉમરગામ મામલતદાર ડી.સી. બ્રાહ્મણકચ્છની નિમણૂક કરવામાં આવી છે. રાજ્યની નગરપાલિકાઓનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે, જેમાં ઉમરગામ નગરપાલિકાનો પણ કાર્યકાળ ૧૫-૦૩-૨૬ના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. જેને લઈ ઉમરગામ નગરપાલિકાનો ચાર્જ મામલતદારને વહીવટદાર તરીકે સોંપવામાં આવ્યો છે. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૮ મુજબ નગરપાલિકાઓની મુદત પ્રથમ બેઠકથી ૫ વર્ષ સુધીની હોય છે અને મુદત પૂરી થાય તે પહેલાં સામાન્ય ચૂંટણી યોજવાની હોય છે. આગામી નગરપાલિકાઓની ચૂંટણીઓ બાદ કારોબારી સમિતિની રચના થાય ત્યાં સુધી નગરપાલિકાની કામગીરી સુચારું રૂપે ચાલે, તે માટે વહીવટદારની નિમણૂક કરાઈ છે.

# ઉમરગામ ઈન્ડ. એસો. ચૂંટણીમાં અંગત રસ ધરાવનારને પેનલમાં સ્થાન ન મળતા નવો મોરચો તૈયાર થયો

## અગાઉ ઉમરગામ ઈન્ડ. એસો. સંસ્થામાં રહી પદનો અંગત હેતુ માટે ઉપયોગ કરનારા કેટલાક વ્યક્તિઓને યુવા ઈન્ડસ્ટ્રીયલ પેનલમાંથી હાંકી કઢતા સ્થાન ટકાવી રાખવાની કવાયત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૧૨ :** ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન સંસ્થામાં ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ અને રહેઠાણ વિસ્તારના વિકાસ મૂળભૂત સુવિધાઓ પ્રસ્થાપિત કરવા સાથે ઉદ્યોગકારોને લગતા પ્રશ્નોનો નિકાલ કરવાની મૂળ જવાબદારી સંસ્થાના હોદ્દેદારોની હોય છે. ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન માં અનેક વિવાદો સર્જાયા પરંતુ ઉદ્યોગકારોના પ્રયાસો થકી છેલ્લા એક દાયકાથી સંસ્થા એસ્ટેટના હિતમાં સુપેરે કામ કરે છે. ગત ટર્મમાં ઉદ્યોગકારોએ યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમને યુઆઈએ સંસ્થાનો સુકાન સોપ્યું હતું. આગામી ૨૭ માર્ચે ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની ચૂંટણી અંતર્ગત મતદાન થવાનું છે. ત્યારે ગત ટર્મના અનુભવ બાદ યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમમાંથી કેટલાક નામો પડતા મુકાયા હતા. જેના કારણે સંસ્થામાં સ્થાન ટકાવી રાખવા નવો મોરચો ઉભો કરી યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમ સામે મોરચો માંડ્યો છે. ઉમરગામ ઔદ્યોગિક વિસ્તારમાં ચાલતી ચર્ચા મુજબ યુઆઈએ સંસ્થામાં રહી અંગત સ્વાર્થ સાંધતા હોદ્દેદાર સામે ગંભીર આક્ષેપો પણ થયા હતા જેને કારણે પડતા મુકાયા હોવાની ચર્ચા છે. ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ઉદ્યોગકારોના હિતમાં કામ કરી શકે તે માટે સક્ષમ અને અનુભવી નેતૃત્વ જરૂરી છે. સૌથી અગત્યની બાબત ઉમરગામમમાં સુવિધા સંપન્ન હોસ્પિટલ વહેલી તકે શરૂ થાય તે માટે સ્થાનિક વિસ્તારના ઉદ્યોગકારો નાણાંકીય તેમજ જરૂરી તમામ મદદો પૂરી પાડી રહ્યા છે. હોસ્પિટલ નું નિર્માણ કાર્ય હાલ પ્રગતિ હેઠળ છે પરંતુ તેને કાર્યરત કરી કાયમ માટે ઉમરગામના લોકો માટે આશીર્વાદરૂપ બની રહે તે માટે આગામી ચૂંટણીમાં સક્ષમ વ્યક્તિઓને ઓળખી સત્તાનો દુરુપયોગ કરતા ઉમેદવારોને જાકારો આપી સ્થાનિક મતદારો સમજપૂર્વક નિર્ણય લેતે જરૂરી.




# ઉમરગામ તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકીય પક્ષોમાં ગરમાવો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૧૨ :** ઉમરગામ તાલુકામાં આગામી તાલુકા જિલ્લા પંચાયત અને નગરપાલિકા ચૂંટણીમાં ઉમેદવારી કરવા ઈચ્છતા ઉમેદવારોમાં થનગણાટ જોવા મળી રહ્યો છે. ઉમરગામ તાલુકાના ૫૨ ગામો અને એક નગરપાલિકા વિસ્તારમાં આશરે ચાર લાખથી વધુની વસ્તી છે. ઉમરગામ તાલુકામાં જિલ્લા પંચાયતની કુલ આઠ બેઠક પર ગત ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોનો વિજય થયો હતો જ્યારે તાલુકા પંચાયત માં ભાજપે બહુમતીથી સત્તાનું સુકાન સંભાળ્યું હતું. ગ્રામ પંચાયતથી કેન્દ્ર સરકાર સુધી ભાજપ સત્તા સ્થ સ્થાને છે. તાલુકા પંચાયતમાં અને જિલ્લા પંચાયતમાં સ્થાનિક પ્રજાના પ્રશ્નો તેમજ વિકાસલક્ષી કામો બાબતે -જાના પ્રતિનિધિ તરીકે ચૂંટાયેલા સભ્યોએ રજૂઆતો કરવાની હોય છે. પરંતુ મોટાભાગના સભ્યો પ્રજાની સમસ્યાને વાંચા આપવામાં નિષ્ફળ રહ્યા છે. ઉમરગામ તાલુકામાં ધારાસભ્ય રમણભાઈ પાટકર ભાજપમાં કેન્દ્રસ્થાને છે. તાલુકા પંચાયત પ્રમુખ સહિત તમામ હોદ્દેદારો ફક્ત હોદ્દો લઈ કચેરીમાં બેસી હાજરી પુરાવા પૂરતા આવતા હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું હતું. તમામ નિર્ણયો અગાઉથી જ લેવાતા હોય છે ફક્ત હોદ્દેદારોએ તેનું અમલીકરણ કરવાનું હોય છે. ભાજપના જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યો ચૂંટાયા બાદ પ્રજાની વચ્ચે ચોક્કસ પ્રસંગે હાજરી આપતા જોવા મળ્યા જ્યારે કર્મઢ ધારાસભ્ય રમણભાઈ પાટકર હર હંમેશ તાલુકાના વિવિધ ગામોમાં સમયાંતરે મુલાકાત લઈ મતદારો સાથે સીધો સંપર્ક સાધતા જોવા મળે છે અને તેથી જ કહેવાય છે કે ઉમરગામમાં ભાજપની જીતમાં રમણભાઈ પાટકરનો સિંહ ફાળો હોય છે. પરંતુ વરવી વાસ્તવિકતા જોઈએ તો તાલુકા ભાજપમાં સેકન્ડર ઊભી કરવામાં ભાજપ પક્ષ નિષ્ફળ રહ્યું છે. છેલ્લા ત્રણ દાયકા કરતાં વધુ સમયથી ઉમરગામમાં ભાજપ વ્યક્તિ વિશેષ પર નિર્ભર રહી ચૂંટણી લડે છે. જોકે સંગઠનને સોંપેલી જવાબદારી સંગઠનના હોદ્દેદારો નિભાવે છે. પરંતુ નિર્ધારિત લક્ષ્યાંક પૂર્ણ કરવામાં વ્યક્તિ વિશેષ નો ફાળો હોય છે. પરંતુ જો ભવિષ્ય તરફ નજર કરીએ તો ભાજપે તાલુકામાં વર્ચસ્વ કાયમ રાખવા શિક્ષિત યુવકો તરફ નજર કરવી પડશે અને સેકન્ડ કેડર ઉભી કરવી પડશે નહીં તો જમીનની સ્તર પર પ્રજામાં પ્રવૃત્તિ રહેલી નારાજગી અને વ્યક્તિ વિશેષની ગેરહાજરી ભાજપ માટે ચિંતા નો વિષય બની રહેશે અને છેલ્લે ઉમેદવારોની પસંદગી સમયે ઉમેદવારોની કાબેલિયત અને પક્ષ માટે કરેલા કામો અને પ્રજા વચ્ચે સ્વચ્છ છબી જેવી મહત્વની બાબતોને ધ્યાને લઈ નિર્ણય લેવાય તો કેટલાક અંશે ઉમેદવારો ના વર્ચસ્વને કારણે ચૂંટણીનું પરિણામ તરફેણમાં બદલી શકાય પરંતુ જો ભલામણને આધારે ખોટા ઉમેદવારોની પસંદગી થશે તો કપરા ચરણ સાબિત થશે.

# સોળસુંબા ખાતે મફત નેત્ર યજ્ઞ કેમ્પ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૧૨ :** અતુલ ફાઉન્ડેશન ટ્રસ્ટ અને શ્રી અગ્રવાલ સમાજ સેવા ટ્રસ્ટ, ઉમરગામના સંયુક્ત ઉપક્રમે સોળસુંબા સ્થિત અંબાજી મંદિર ખાતે મફત નેત્ર યજ્ઞ (આંખોની તપાસ કેમ્પ)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમાજોપયોગી કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી નિષ્ણાત ડોક્ટરો દ્વારા આંખોની તપાસ કરાવી તેમજ માર્ગદર્શન મેળવ્યું હતું.

કેમ્પ દરમિયાન લાભાર્થીઓને આંખોની વિવિધ સમસ્યાઓ અંગે નિદાન કરવામાં આવ્યું હતું અને જરૂરી સારવાર તથા માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે અતુલ ફાઉન્ડેશન ટ્રસ્ટ તથા અગ્રવાલ સમાજના આગેવાનો અને કાર્યકરોએ નોંધપાત્ર સેવાઓ આપી હતી.

આવા સમાજહિતના કાર્યક્રમોથી લોકોને આરોગ્ય અંગે જાગૃતિ ફેલાય છે અને જરૂરિયાતમંદોને સમયસર સારવારનો લાભ મળે છે, તેવી લાગણી ઉપસ્થિત લોકોએ વ્યક્ત કરી હતી.

# નારગોલના સરપંચ સ્વીટી ભંડારીને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે સન્માન કરાયું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, ૧૨ :** વલસાડ જિલ્લામાં ગુજરાત રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' ની ઉજવણી પ્રસંગે નારગોલ ગામની સરપંચ સ્વીટી ભંડારીને વિશેષ સન્માન આપવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર ભવ્ય વર્મા, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલત, જિલ્લા પોલીસવડા યુવરાજસિંહ જાડેજા સહિત વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં આ સન્માન સમારંભ યોજાયો હતો.



સ્વીટી ભંડારીને મહિલા સરપંચ તરીકે તેમજ રાજકીય ક્ષેત્રમાં વિશેષ કામગીરી કરી સિદ્ધિ હાસલ કરવા બદલ સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે, મહિલાઓને તેમના યોગદાન માટે પ્રોત્સાહિત કરવા અને તેમને સમાજમાં ઉદાહરણરૂપ ભૂમિકા ભજવવા માટે પ્રેરિત કરવામાં આવી હતી. આ સન્માન પ્રાપ્ત થતાં સ્વીટી ભંડારીએ તંત્રનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'આ સન્માન મારા માટે ગર્વની વાત છે અને હું આગળ પણ સમાજની સેવા માટે પ્રતિબદ્ધ રહીશ'.

**પુનાટના અખંડાનંદ આશ્રમનું સેવા કાર્ય**

# સરીગામના ૭૦૦ વિદ્યાર્થીઓને નવા વસ્ત્રોનું વિતરણ કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૧૨ :** ઉમરગામ તાલુકાના પુનાટ ગામમાં આવેલ બહુ ચર્ચિત અખંડાનંદ આશ્રમ દ્વારા સમાજસેવાનું એક સરાહનીય કાર્ય કરવામાં આવ્યું છે. આશ્રમના સંચાલકો દ્વારા સરીગામની આદર્શ બુનિયાદી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને નવા વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું. પુનાટ ગામમાં આવેલ અખંડાનંદ આશ્રમના શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર જયાનંદ સરસ્વતી મહારાજના આશીર્વાદથી સરીગામ સ્થિત આદર્શ બુનિયાદી પ્રાથમિક શાળાના અંદાજે ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓને નવા વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમમાં વિશેષ મહેમાન તરીકે સરીગામના સરપંચ સહદેવ વઘાત, તેમજ યુવા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન રાકેશ રાય અને તેમની ટીમ ઉપસ્થિત રહી હતી. મહેમાનો દ્વારા આશ્રમના આ સેવા કાર્યની -શંસા કરવામાં આવી હતી. અખંડાનં આશ્રમ દ્વારા માત્ર વસ્ત્ર વિતરણ જ નહીં પરંતુ હોસ્પિટલોમાં ટિફિન સેવા, તેમજ જરૂરતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણમાં સહાયતા જેવા અનેક સમાજલક્ષી કાર્યો પણ સતત કરવામાં આવી રહ્યા છે.આ પ્રકારના સેવાકીય કાર્યો દ્વારા સમાજમાં માનવતા અને સહકારનો સંદેશ ફેલાઈ રહ્યો છે.

# ઉમરગામ અકરામારુતિ મંદિરના જીર્ણોદ્ધારની કામગીરી શરૂ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૧૨ :** ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં આવેલા હજારો શ્રદ્ધાળુઓના આસ્થાનું કેન્દ્ર સમાન અકરામારુતિ મંદિરના જીર્ણોદ્ધારની કામગીરી મંગળવારે શરૂ થતાં ભક્તોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. આ અવસરે આજે મંદિરના પટાંગણમાં શાસ્ત્રોક્ત વિધિ વિધાન મુજબ પૂજા-અર્ચનાનું આયોજન કરવામાં આવ્યું હતું.



મંગળવારે જુના મંદિરના સ્થાને સ્થાપિત દેવીદેવતાની મૂર્તિઓનું ચાલન વિધિ કરાઈ હતી. અકરામારુતિ મંદિર ટ્રસ્ટના પ્રમુખ આશિષભાઈએ જણાવ્યું કે મંદિરને વધુ સુવિધાસભર અને ભવ્ય બનાવવાના ઉદ્દેશ્ય સાથે આ કામગીરી હાથ ધરાઈ છે. આ પ્રસંગે ઉમરગામ નગરપાલિકાના પૂર્વ ચીફ ઓફિસર શૈલેષ પટેલે મંદિર ટ્રસ્ટ દ્વારા કરાઈ રહેલી સેવાકીય કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે રાજેન્દ્રભાઈ વર્મા, ઈશ્વરભાઈ બારી, રાજેશભાઈ મીસ્ત્રી, લાલાભાઈ નાયક, ભગવાન ભાઈ ભરવાડ, અજયભાઈ શાહ, રાજુભાઈ મદ્રાસી, જીતુભાઈ પટેલ, ટીનુભાઈ બારી, બબલુભાઈ, દક્ષેશભાઈ બારી, દર્શનભાઈ સંજાણવાલા અપૂર્વભાઈ માછી, પ્રશાંતભાઈ ગુપ્તા, રીષભભાઈ શાહ, શૈલેષભાઈ પટેલ (સુરત), એસ.બી. પટેલ (વલસાડ) તથા કેવલભાઈ શુકલા સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા. ટ્રસ્ટી મંડળના પ્રમુખ આશિષ તન્ના, જશવંતભાઈ કામળી, જગદીશભાઈ માછી, વિકીભાઈ બારી ગણેશભાઈ બારી સહિતના ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતાં.

# તુંબગામથી ૧૮ વર્ષીય યુવતી ગુમ

**વલસાડ, તા.૧૨ :** વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના તુંબગામ, ડુંગરીપાડા, આંગણવાડીની બાજુમાં રહેતા ૧૮ વર્ષ ૩ મહિના ઉંમર ધરાવતા રવિનાબેન ચૈતાભાઈ હાડલ તા.૧૭/૦૨/૨૦૨૬ના રોજ સવારે ૯-૩૦ વાગ્યાના અરસામા પોતાના ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા છે. તેમની શોધખોળ કરતા તેમની કોઈ ભાળ મળી નથી અને તેઓ આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ રવિના પાતળો બાંધો, ઘઉંવર્ણ અને ૫ ફૂટ ૩ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણે નારંગી ફુલની ડિઝાઈન વાળો સલવાર, નારંગી કલરનો પાયજામો અને લીલા કલરના સેન્ડલ પહેરેલા હતા. તેઓ ગુજરાતી, મરાઠી અને વારલી ભાષા જાણે છે.

સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

હોર્મુઝની ખાડીમાં ઈરાનથી બચીને નીકળેલું જહાજ મુંબઈ પહોંચ્યું

# LPG સંકટ વચ્ચે રાહત મળશે

## સાઉદી અરેબિયાથી ૧,૩૫,૩૩૫ મેટ્રિક ટન ક્રૂડ ઓઈલ લઈને નીકળેલું લાઈબેરિયન જહાજ શેનલોંગ મુંબઈ બંદરે પહોંચ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૨: અમેરિકા અને ઈરાન વચ્ચે ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા જંગના કારણે દુનિયાભરમાં તેલના પુરવઠા પર મોટી અસર પડી છે, ત્યારે ભારત માટે એક આશાસ્પદ સમાચાર સામે આવ્યા છે. સાઉદી અરેબિયાથી ૧,૩૫,૩૩૫ મેટ્રિક ટન ક્રૂડ ઓઈલ લઈને નીકળેલું લાઈબેરિયન જહાજ 'શેનલોંગ' સુરક્ષિત રીતે મુંબઈ બંદરે પહોંચી ગયું છે. ૨ અઠવાડિયાથી ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વના ગણાતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને પસાર કરીને ભારત પહોંચનારું આ પ્રથમ ઓઈલ ટેન્કર છે. આ જહાજ મુંબઈના જવાહર દ્વીપ પર લાંગરવામાં આવ્યું છે અને ત્યાંથી તેલ ખાલી કરીને મુંબઈની રિફાઈનરીઓમાં મોકલવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

આ જહાજની મુસાફરી જોખમોથી ભરેલી હતી. હુમલાખોરોની નજરથી બચવા માટે ભારતીય કેપ્ટન સુક્ષાંત સિંહ સંધુ અને ૨૯ ક્રૂ મેમ્બરોએ યુદ્ધગ્રસ્ત વિસ્તારમાંથી પસાર થતી વખતે જહાજની ટ્રેકિંગ સિસ્ટમ(AIS) બંધ કરી દીધી હતી. આ જહાજના આગમનથી દેશમાં તેલની અછત અને ખાસ કરીને એલપીજી(LPG) સિલિન્ડરના પુરવઠામાં જે મુશ્કેલી પડી રહી હતી, તેમાં મોટી રાહત મળવાની આશા છે. આ કાચા તેલને માહુલ વિસ્તારની રિફાઈનરીમાં પ્રોસેસ કરીને પેટ્રોલ, ડીઝલ અને ગેસ બનાવવામાં આવશે, જેનાથી ભારતની ઊર્જા સુરક્ષા જળવાઈ રહેશે.

જોકે, એક તરફ આ સફળતા મળી છે, તો બીજી તરફ હજુ પણ ભારતના ૨૮ જેટલા જહાજો તે જોખમી વિસ્તારમાં ફસાયેલા છે. આ દરમિયાન એક ચિંતાજનક ઘટના પણ બની છે, જેમાં યુનાઈટેડ આરબ એમિરેટ્સથી ગુજરાતના કંડલા બંદર તરફ આવી રહેલા થાઈલેન્ડના જહાજ 'મયુરી નારી' પર હુમલો થયો હતો. ભારત સરકારના વિદેશ મંત્રાલયે આ હુમલાની સખત નિંદા કરી છે અને જણાવ્યું છે કે વ્યાપારી જહાજોને નિશાન બનાવવા તે ગંભીર બાબત છે. પશ્ચિમ એશિયામાં વધી રહેલી આ હિંસા વચ્ચે ભારત અત્યારે પોતાના અન્ય જહાજોની સુરક્ષા પર ચાંપતી નજર રાખી રહ્યું છે.

# ઈરાનમાં ફસાયેલા ભારતીયોને હવે સડક માર્ગે બહાર કઢાશે

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૨ વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના મામલે મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'વિદેશ મંત્રી ડૉ. એસ.જયશંકર અને ઈરાનના વિદેશમંત્રી વચ્ચે તાજેતરમાં જ ત્રણ વખત વાતચીત થઈ છે. બંને વચ્ચે જહાજોની સુરક્ષા અને ભારતની ઊર્જા સુરક્ષા મુદ્દે વાત થઈ હતી.

જયસ્વાલે કહ્યું કે, 'ભારત સરકાર મધ્ય-પૂર્વમાં ફસાયેલા ભારતીયોની મદદ કરી રહી છે. સરકાર અજરબૈજાન અને આર્મેનિયા જવા ઈચ્છતા ભારતીય નાગરિકોની પણ મદદ કરી રહી છે. આ નાગરિકો કોમર્શિયલ ફ્લાઈટમાં ઘરે પરત ફરવા ઈચ્છે છે, તેથી અમે તેઓને વિઝા અપાવવામાં મદદ કરી રહ્યા છીએ. અમે તેઓને સરહદ પાર કરવામાં પણ મદદ કરી રહ્યા છે.' તેમણે કહ્યું કે, 'ઈરાનમાં લગભગ ૯૦૦૦ ભારતીય નાગરિક હતા અથવા છે. તેમાં વિદ્યાર્થીઓ, નાવિકો, બિઝનેસ કરનારાઓ, પ્રોફેશનલ અને કેટલાક પ્રવાસીઓ સામેલ છે. ત્યાં ફસાયેલા કેટલાક ભારતીય વિદ્યાર્થીઓ ઘરે પહોંચી ગયા છે. સરકારે તેહરાનમાંથી અનેક ભારતીય નાગરિકોને અન્ય સુરક્ષિત સ્થળે અને શહેરોમાં લઈ જવાઈ રહ્યા છે. ઈરાન શરૂઆતથી જ કતાર અને સંયુક્ત આરબ અમીરાત સહિતના તેલ પ્લાન્ટો પર સતત હુમલાઓ કરી રહ્યું છે, જેના કારણે ક્રૂડ ઓઈલનો સપ્લાય અટકી પડ્યો છે. હોર્મુઝ જળમાર્ગેથી પણ પસાર થતો તેલ સપ્લા અને ગેસ સપ્લાય મોટાભાગને બંધ થઈ રહ્યો છે, જેના કારણે ભારત સહિત અનેક દેશોમાં ગેસ અને પેટ્રોલ કટોકટી જોવા મળી રહી છે. બીજીતરફ ઈરાન માત્ર ઈઝરાયલ સાથે જ નહીં મધ્ય-પૂર્વના દેશો પર પણ હુમલાઓ કરી રહ્યું છે, જેના કારણે મધ્ય-પૂર્વમાં પણ ગંભીર પરિસ્થિતિ ઉભી થવાની સાથે વેપાર સપ્લાય ચેનને પણ મોટું નુકસાન થઈ રહ્યું છે.

# રાજયમાં ઘરેલું જરુરીયાત માટે પૂરતો એલ.પી.જી.નો જથ્થો ઉપલબ્ધ

(દમણગંગા ટાઈમ્સ)
**વાપી, તા. ૧૨ :** મધ્ય પૂર્વ ક્ષેત્રમાં બદલાતી પરિસ્થિતિને કારણે ઉદભવતા વર્તમાન સંજોગોમાં સમગ્ર રાજયમાં LPG સિલિન્ડરોના અવિરત વિતરણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સતત પ્રયત્નો તથા મોનિટરીંગ કરવામાં આવી રહેલ છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભૂ-રાજકીય તણાવની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, રાજ્યમાં ઉપલબ્ધ એલપીજી સ્ટોકનું પરિવહન અને કાર્યક્ષમ રીતે વિતરણ માટે રાજ્યમાં ઘરેલું જરૂરીયાત માટેનો પૂરતો એલ.પી.જી નો જથ્થો ઉપલબ્ધ છે. એમ રાજ્યના અન્ન નાગરિક પુરવઠા વિભાગની યાદીમાં જણાવાયુ છે. ગુજરાત રાજ્યમાં ૩૦ % ઘરેલુ ગેસ PNG GAS PIPELINE મારફત પૂરો પાડવામાં આવે છે. PNG નો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી ગુજરાત રાજ્યની પરિસ્થિત વધારે સારી છે. રાજ્યમાં ઘરેલું જરૂરીયાત માટેના એલ.પી.જી નો પુરતો પુરવઠો દરેક સ્થળે મળી રહે તે માટે તકેદારીના ભાગરૂપે કેન્દ્ર સરકારના સૂચન હેઠળ જાહેરક્ષેત્રની ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા એક જ ગ્રાહક દ્વારા બે એલ.પી.જી સિલિન્ડરના બુકીંગ વચ્ચે ૨૫ દિવસનો સમયગાળો રાખવા નિર્ણય લેવામાં આવેલ છે. આ નિર્ણયના લીધે લોકોમાં અનાવશ્યક તણાવ તેમજ એલ.પી.જી સંગ્રહ ન કરવામાં આવે તેવો મુખ્ય ઉદેશ છે. કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ હાલ કોર્મશિયલ સિલિન્ડરનું વેચાણ નિયંત્રિત કરવામાં આવેલ છે. પરંતુ હોસ્પિટલ તેમજ શૈક્ષણિક સસ્થાઓ તેમની જરૂરીયાત મુજબ એલ.પી.જી ફાળવણી ચાલુ રાખવામાં આવેલ છે. પરંતુ, એલ.પી.જીનો અનાધિકૃત સંગ્રહ, કાળાબજારી, નિયત ઉપયોગ સિવાય અન્ય ઉપયોગ તથા નિયત કરેલ કીંમત કરતા વધુ ભાવ વસૂલવો એ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ તથા એલ.પી.જી કંટ્રોલ ઓડર-૨૦૦૦ મુજબ કાયદાકીય રીતે ગુનો બને છે. તથા આવી પ્રવૃતિ કરનાર સામે રાજ્ય સરકારના સક્ષમ અધિકારી દ્વારા ફોજદારી પગલા પણ લેવાની જોગવાઈ છે.

# મોગરાવાડી ગરનાળમાં પેવરબ્લોક નાંખવા માજી વિરોધ પક્ષના નેતાની સી.ઓ.ને રજુઆત


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૨ :** વલસાડના મોગરાવાડી રેલ્વે ગરનાળા નં. ૩૨૯ પેવર બ્લોક લગાવવા માટે પાલિકાના માજી વિરોધ પક્ષ નેતાએ ચીફ ઓફિસર પ્રમુખ અને બાંધકામ ચેરમેનને લેખિત રજૂઆત કરી છે.

વલસાડ નગરપાલિકાના માજી વિરોધ પક્ષ નેતા ગીરીશભાઈ દેસાઈ એ વલસાડ નગરપાલિકા પ્રમુખ ચીફ ઓફિસર કારોબારી ચેરમેનને લેખિતમાં રજૂઆત કરી જણાવ્યું કે મોગરાવાડી રેલ્વે ગરનાળા નં.૩૨૯માં નગરપાલિકા દ્વારા ૨૦૧૧-૧૨ સમયમાં પેવર બ્લોક નાંખવામાં આવેલ. જે તાજેતરનું નગરપાલિકાના આ વિસ્તારનાં સભ્યોએ કોઈ પણ જાતના આયોજન વિના અણઆવડતથી કાઢી નાખેલ છે. જેને લઈ અવર જવર માટે લોકો પારાવાર મુશ્કેલી ભોગવી રહ્યા છે. અને ખાડાઓ પડી જવાના કારણે કેટલાંક રાહદારીઓને કમરના દુખાવો તથા ખાડામાં પડી જવાથી કેટલાંક નાગરીકોને શારીરીક ઈજા પહોંચેલ છે અને કેટલાંક અકસ્માતો પણ થયા છે.

ઉપરોક્ત સંજોગોને ધ્યાનમાં લઈ નગરપાલિકા દ્વારા રેલ્વે ગરનાળાનું વરસાદી પાણીનાં નિકાલનું કનવર્ટ છે, એવુ જણાવેલ છે. જેને લઈ નવા પેવર બ્લોક લગાવવાનું કોઈ પણ આયોજન અત્યાર સુધી કરેલ નથી.આ સંજોગોમાં રેલ્વે ગરનાળામાંથી કાઢી નાંખવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૦થી ૨૦૨૩ દરમ્યાન મોગરાવાડી વિસ્તારમાં વોર્ડ નં. ૩ અને ૪ માં પેવર બ્લોક લગાવેલ રસ્તામાં જી.યુ.ડી દ્વારા ખોદકામ કરી વપરાસી પાણીના નિકાલ માટેની લાઈનો નાખવામાં આવેલ જેને લઈ તમામ રસ્તાઓમાંથી જુના પેવર બ્લોક કાઢી ઝોન ઓફીસ પર સ્ટોક કરવામાં આવેલ જે અંદાજે ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ નંગ જેટલા પેવર બ્લોક સ્ટોક કરેલ અને હાલમાં નાળામાંથી અંદાજે ૧૦,૦૦૦ જેટલો બ્લોક કાઢવામાં આવેલ છે. આથી અમારી રજુઆત છે કે મોગરાવાડી રેલ્વે ગરનાળામાં કાઢી નાંખેલ પેવર બ્લોક લગાવવા માટે લેવલિંગ કરી તાત્કાલીક જુના બ્લોક ના સ્ટોકમાંથી ૧૩,૫૦૦ જેટલા પાછા વાપરી શકાય તેવા બ્લોક તાત્કાલીક બેસાડી નાગરીકો માટે તથા વાહન વ્યવહાર માટે અનુકુળ અવર જવર થાય તે રીતની તાત્કાલીક કાર્યવાહી કરવામાં આવે. જો નગરપાલિકા સદર જુના પેવર બ્લોક લગાવવામાં અસક્ષમ હોય તો નાગરીકોને જુના બ્લોકો સોપવામાં આવે જેથી વિસ્તારનાં નાગરીકો જરૂરી લોકફાળો ભેગો કરી જુના વપરાશ યોગ્ય, પેવર બ્લોક લગાવી રસ્તો વપરાશ યોગ્ય બને, તે રીતની કાર્યવાહી કરવા તૈયાર છે.

# ઝરીયાનો દિવ્યેશ દૂધ વેચતાં અને ખેતરમાં કામ કરતાં કલાસ-૨ અધિકારી બન્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા. ૧૨ :** ધરમપુર તાલુકાના ઝરીયા ગામના કોંકણા આદિવાસી સમાજના યુવાન દિવ્યેશ જાનુભાઈ ચૌધરીએ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (GPSC)ની પ્રતિષ્ઠિત પરીક્ષા પાસ કરીને ક્લાસ-૨ અધિકારી તરીકે નિમણૂક મેળવી છે. સામાન્ય આદિવાસી પરિવારમાંથી આવીને પ્રાપ્ત કરેલી તેમની આ સિદ્ધિ માત્ર પરિવાર માટે જ નહીં, પરંતુ સમગ્ર આદિવાસી સમાજના યુવાનો માટે પ્રેરણાદાયક બની છે.



દિવ્યેશભાઈએ બાળપણથી જ આર્થિક સંઘર્ષનો સામનો કર્યો હતો. તેમના પરિવારની આજીવિકા ગાયોના દૂધ વેચાણ અને ખેતીકામ પર આધારિત હોવાથી તેઓ અભ્યાસ સાથે સાથે ખેતરના કામમાં પણ માતા-પિતાને મદદ કરતા હતાં. સંસાધનોની અછત અને મુશ્કેલ પરિસ્થિતિઓ વચ્ચે પણ તેમના મનમાં સફળતા મેળવવાની અતૂટ ઈચ્છાશક્તિ અને મહેનત કરવાની ભાવના ક્યારેય ઓછી પડી નહોતી. અથાગ પરિશ્રમ, સમયનું યોગ્ય આયોજન અને સ્વ-અનુશાસનના બળે તેમણે GPSC જેવી કઠિન પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી છે. તેમની આ સફળતા સાબિત કરે છે કે ગામડાના નાનકડા ગામમાંથી પણ, જો ધ્યેય સ્પષ્ટ હોય અને પરિશ્રમ અડગ હોય તો જીવનમાં ઊંચું સ્થાન મેળવવું શક્ય છે.

દિવ્યેશભાઈની આ સિદ્ધિ આદિવાસી સમાજના યુવાનો માટે એક જીવંત ઉદાહરણ બની છે કે પરંપરાગત મૂલ્યો અને સંસ્કૃતિને જાળવી રાખીને પણ શિક્ષણ અને મહેનત દ્વારા જીવનમાં મોટી સિદ્ધિઓ હાંસલ કરી શકાય છે. તેમની આ સફળતા અનેક યુવાનોને પોતાના સપનાઓ સાકાર કરવા માટે પ્રેરણા આપશે.

શહેરીજનોમાં ચર્ચાનો વિષય

# વલસાડમાં હવે 'કચરા શેઠ' કોણ ?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૨ :** વલસાડ નગરપાલિકા માં એક વર્ષથી ચેરમેનોની નિમણૂક થઈ છે. ત્યારથી કચરો શબ્દ વલસાડ નગરપાલિકા માં ટ્રેડિંગ કરી રહ્યો છે. વલસાડ નગરપાલિકા ના ૧ થી ૧૪ માં કામો માં પણ ૪ કરોડ નાં ટેન્ડરનાં લીધે સભ્યો એ વિરોધ કર્યો હતો. ત્યાર બાદ એ મુદ્દો પ્રાદેશિક કમિશનર માં ફરીયાદો થઈ હતી પ્રાદેશિક એ પણ કમિટી લઈ ને ટેન્ડર કરવા કહ્યું હતું એમાં પણ શાસકોમાં લડાઈ હતી કે જે એજન્સી રૂા. ૧.૭૦ કરોડ માં કરતી છે તો ૪ કરોડ શા માટે ? એ લડાઈ માં આખરે ૩.૯ કરોડ નું ટેન્ડર થયું પણ એજન્સી એ ટેન્ડર નીચું ભર્યું હતું અને કામગીરી કરવા ના પાડી દીધી હતી પણ અંદરની વાત હતી કે ટેન્ડર નીચું ભર્યું પણ નગરપાલિકાનાં કોઈ કચરા શેઠને કમીશન મોટું જોઈતું હતું એટલે એજન્સી એ કરવા ના પાડી દીધી હતી અને જુની એજન્સી એ પણ ના પાડી દીધી હતી ત્યાર બાદ ફરી ટેન્ડર કર્યું અને નાગપુર ની એજન્સી નું ટેન્ડર લાગ્યું હતું પણ શુ ખરેખર એજન્સી નાગપુર ની છે ? કે વલસાડ નગરપાલિકા નાં કોઈ કચરા શેઠ ની છે ?

નાગપુરની એજન્સી એ ૧ માર્ચ થી કામગીરી ચાલું કરવાની હતી પણ એજન્સીની કામગીરી ચાલુ થઈ નહીં લોકો નાં ઘર નો કચરો પોતાના ઘરમાં ઉકરડો બનતો ગયો અને સભ્યોનો રોષ દિવસે ને દિવસે ફાટતો ગયો કે ૩.૯ કરોડ રૂપિયા આપવા છતાં એજન્સી કામગીરી કરતી કેમ નથી.


છેલ્લે વાત સુત્રોની માહિતી મુજબ કચરા શેઠ એ જુની એજન્સીનાં માણસો નવી નાગપુરની એજન્સીમાં ગોઠવી કચરા શેઠને કમીશન મોટું મળશે એ સપનાં જોતા હતાં પણ ધુળેટીનાં રંગ માં ભંગ ત્યારે પડ્યો જ્યારે જુની એજન્સી નાં માલિકને ખબર પડી કે મારા માણસો પાસે નવી એજન્સી માં કામગીરી થવાની છે અને એ માણસો પાસે પુરાવા રુપે આધાર કાર્ડ પણ લઈ લીધા હતા અને એમણે બધા માણસો ને બોલાવી દીધા અને લોકા નાં ઘર નાં કચરાને કચરા શેઠ એ ઉકરડો બનાવી દીધો હવે લોકો જાણવા માંગે છે આ કચરા શેઠ કોણ ? નાગપુરની એજન્સી ખરેખર છે કે કાગળ પર છે. તેવી ચર્ચાઓ શહેરભરમાં ઊઠી છે.

# વલસાડ ૧૧૨ પીસીઆરની ટીમે વૃદ્ધાનું પરિવાર સાથે મિલન કરાવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૨ :** વલસાડ સિવિલ હોસ્પિટલમાં થી ઘરે જવા નીકળેલી રાંધાગામની ૪૫ વર્ષીય રસ્તો ભૂલી ગયેલી મહિલાને જિલ્લાના ખેરગામ તાલુકા પોલીસ ખેરગામમાં ૧૧૨ PCRની ટીમે નાનાપોંઢાના દહી ખેડા ગામે રહેતા પરિવારનો સંપર્ક કરી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

વલસાડ સિવિલ હોસ્પિટલમાંથી ઘરે જવા માટે કાકરુબેન દિનેશભાઈ મોહન કર ઉંમર વર્ષ ૪૫ જેવો ગઈકાલે તારીખે ૧૦/૩/૨૦૨૬ના રોજ રસ્તો ભૂલી જતા તેઓ નવસારી જિલ્લાના ખેરગામ તાલુકા પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં રાંધા ગામમાં ભૂલમાં પોહચી ગયેલ હતી. જેથી ત્યાંના સરપંચ દ્વારા ૧૧૨ ને જાણ કરી હતી. જેથી તત્કાલિક ૧૧૨ની ટીમ સ્થળ પર પહોંચી તપાસ કરતા આ મહિલા નાનાપોંઢાના દહીખેડ ગામની હોવાનું જાણ થતાં નાનાપોંઢા પોલીસ મથકમાં પરિવારજનો સંપર્ક કરે તેઓને નાનાપોંઢા પોલીસ સ્ટેશનમા બોલાવી એમના પરીવાર જનો સાથે મિલન કરાવ્યુ હતું. ૧૧૨ પી.સી.આર. ટીમ ઈનચાર્જ HC શરદભાઈ ગમનભાઈ પટેલ, નંબર. ૮૬૨ અને પાયલોટ સંદીપભાઈ રતિલાલ પટેલ, GRD બબિતા રાજેશભાઈ પટેલ, HG મિન્તેશભાઈ પટેલ સાથે ટીમ ખેરગામ નવસારીથી રવાના થઈ નાનાપોંઢા પોલીસ સ્ટેશન પહોંચી પરીવાર જનોને આપવામાં આવી હતી.

# ધરમપુર-કરંજવેરીના પુલ પરથી તમામ બસોને પસાર કરાવવા પ્રજાની માંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા. ૧૨ :** વલસાડ જિલ્લા કલેકટર દ્વારા હાલમાં ધરમપુર કરંજવેરીના માર્ગ જર્જરિત જાહેર કરવામાં આવેલ પુલ પરથી બૉર્ડ પરીક્ષા શરૂ થાય તે પૂર્વેના જાહેરનામામાં ૮ ટન સુધીના હળવા વાહનોને અવરજવર કરવા મુક્તિ આપતા મિની બસસેવા સોમવારથી શરુ થઈ છે,પણ એસટીની મોટી ડિલક્ષ દોડતી નથી. એસટીની તમામ બસને છૂટ આપવી જોઈએ તેવી આદિવાસી વિસ્તારની બસ મુસાફરી કરનાર પ્રજાની માંગ છે.

જાહેરનામામાં જણાવેલ સૂચના પાટિયાં લગાવવાની સંબંધિત તંત્રોએ પખવાડિયું વિતી ગયું દરકાર લીધી નથી. વચ્ચે એક બેરીકેડ છે અને બાજુમાં એક જીઆરડી પહેરો ભરે છે. સામે છેડે આમાંનું કાંઈ નથી. ખરેખર વીસેક વર્ષ માં કશું ના થાય તેવા સક્ષમ પુલમાં શું બિમારી છે, ક્યાં ખરાબી છે તેનો જર્જરિત જાહેર કરનારે ચોખવટ કરી નથી કે કોઈ વિશેષ સમારકામ આઠ મહિના વિત્યા થયું નથી તો વહિવટી તંત્ર સાંસદ ધારાસભ્ય નો ઉદ્દેશ મતદારોની સમજ બહાર છે. આદિવાસી પ્રજાની આઠ માસથી પીડા દૂર કોણ કરશે એમ પ્રશ્ન ઉઠે છે.

# વલસાડ પોલીસે ગુમ થયેલ માતા-પુત્રનું મિલન કરાવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૨ :** ખાવા માટે કંઈક લેવા ગયેલો પાંચ વર્ષીય બાળક ગુમ થઈ ગયા બાદ વલસાડ સીટી પોલીસી ટીમે ગણતરીના કલાકોમાં બાળકને શોધી તેના માતાને સોંપવામાં આવ્યું હતું.

વલસાડ શહેરના મોચીવાડમાં રહેતા મિત્રાબેન રામનાથ કુમારનો ૫ વર્ષીય પુત્ર રહિલ ગત તારીખ ૧૦/૦૩/૨૦૨૬ના રોજ સાંજે અંદાજે ૭:૩૦ વાગ્યાના અરસામાં કંઈક ખાવા-પીવાની વસ્તુ લેવા માટે ઘરેથી નીકળ્યો હતો. જોકે, લાંબો સમય વીતવા છતાં બાળક ઘરે પરત ન ફરતા પરિવાર ચિંતાતુર બન્યો હતો અને બાળકની શોધખોળ હાથ ધરી હતી. પરિવારે જે અંગે વલસાડ સીટી પોલીસનો સંપર્ક કરતા ગુમ થઈ ગયેલા પાંચ વર્ષના બાળકને શોધી કાઢી પરિવારને સોંપવામાં આવ્યો હતો. વલસાડ સીટી પોલીસની ટીમે ગુમ થયેલા ૫ વર્ષના બાળકને શોધી કાઢી તેને સુરક્ષિત રીતે તેના પરિવારને સોંપીને પ્રશંસનીય કામગીરી કરી છે.

# વલસાડની શિક્ષિકાને ચંડીગઢમાં પાવર લિફિટંગમાં સિલ્વર


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૨ :** મહિલા દિવસની સાચી ઉજવણી વલસાડની એક શિક્ષિકાએ રાષ્ટ્રીય ફલક પર ગુજરાતનું નામ રોશન કરીને કરી છે. ચંડીગઢ ખાતે યોજાયેલી અખિલ ભારતીય મુલ્કી પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં પારડીની સાંઢપોર પ્રાથમિક શાળાના શિક્ષિકા મેઘા પાંડેએ સિલ્વર મેડલ પ્રાપ્ત કરી સમગ્ર રાજ્ય અને વલસાડ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.



મેઘા પાંડેની આ સિદ્ધિ એ સાબિત કરે છે કે ઉંમર એ માત્ર એક આંકડો છે. જો મનમાં મક્કમ નિર્ધાર અને મહેનત કરવાની તૈયારી હોય, તો ગમે તે તબક્કે સફળતાના શિખરો સર કરી શકાય છે. ગુજરાત રાજ્ય સેક્રેટરિયેટ તરફથી પ્રતિનિધિત્વ કરતા તેમણે આ રાષ્ટ્રીય સિદ્ધિ હાંસલ કરી છે. આ સફળતા પાછળ તેમની કડક શિસ્ત અને યોગ્ય આહારશૈલી રહેલી છે. તેમને વલસાડના એકમાત્ર ગોલ્ડ જિમ સર્ટિફાઈડ ટ્રેનર રોન આલ્મેડા દ્વારા વૈજ્ઞાનિક પદ્ધતિથી તાલીમ આપવામાં આવી રહી છે. રોન આલ્મેડાના માર્ગદર્શન હેઠળ તેઓ ફંક્શનલ ટ્રેનિંગ અને વેઈટ લિફ્ટિંગમાં નિપુણતા મેળવી રહ્યા છે, જે તેમના સ્ટેમિના અને પાવર પાછળનું મુખ્ય કારણ છે, પરિવારનો અતૂટ સાથ કોઈપણ સ્ત્રીની સફળતા પાછળ તેના પરિવારનો ટેકો મહત્વનો હોય છે. મેઘા પાંડેની આ સફરમાં તેમના પતિ -જ્ઞેશ પાંડે મજબૂત સ્તંભ બનીને ઉભા રહ્યા છે. ચંડીગઢમાં સ્પર્ધા દરમિયાન સતત હાજર રહીને તેમણે મેઘા પાંડેને પ્રોત્સાહિત કર્યા હતા. ઘરની જવાબદારીઓ અને બાળકોના અભ્યાસ વચ્ચે પણ પતિ-પત્નીના સુંદર તાલમેલને કારણે આજે આ આદર્શ પરિવારે સમાજ સામે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. મેઘા પાંડેની આ ઐતિહાસિક સિદ્ધિ બદલ સાંઢપોર શાળાના મુખ્ય શિક્ષક કિર્તેશભાઈ ગોહિલ સમગ્ર શાળા પરિવાર અને શિક્ષકગણ, વલસાડના રમતપ્રેમીઓ અને સ્નેહીજનો ?દ્વારા તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. આ સફળતા અન્ય મહિલાઓ માટે પણ પ્રેરણાસ્ત્રોત બની રહેશે કે તેઓ પણ પોતાના સપનાઓને જીવંત રાખી નવી ઊંચાઈઓ હાંસલ કરે.

# માલનપાડામાં ગેરકાયદેસર પશુ પરિવહન કરતો આઈસર ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા. ૧૨ :** ધરમપુર તાલુકાના માલનપાડા પેટ્રોલપંપ સામે ધરમપુરથી નાનાપોંઢા તરફ જતા રાષ્ટ્રીય હાઈવે નં. ૫૬ ઉપર પોલીસે ગેરકાયદેસર રીતે પશુઓનું પરિવહન કરતા એક આઈસર ટેમ્પોને ઝડપી કાર્યવાહી કરી હતી. આ કાર્યવાહી દરમિયાન ટેમ્પામાંથી ગાયો અને ગાયના બચ્ચાઓ સાથે કુલ અંદાજે રૂ. ૧૦,૪૬,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.



પ્રાપ્ત માહિતી મુજબ આઈસર ટેમ્પો નં. MH-17-BY-4791ના ડ્રાઈવર વિલાશ ઉખા ચવ્હાણ (ઉ.વ.૪૮) રહે. લોણી ખુર્દ, વેતાજ ચોક, રાહતા થાણા, જી. અહમદનગર તથા પશુ માલિક તરીકે હનીફ સાહેબના આલીસર (ઉ.વ.૪૮) રહે. ખારવેલ, ધરમપુર અને દિનેશકુમાર શિવપુજન યાદવ (ઉ.વ.૨૪) હાલ રહે. વેવપુરી ગામ, ગોધરા સામે ગુનો નોંધાયો છે.


પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે આરોપીઓ દ્વારા ટેમ્પામાં કોઈપણ અધિકૃત અધિકારીની પરમીટ વગર ગેરકાયદેસર રીતે પશુઓનું પરિવહન કરવામાં આવી રહ્યું હતું. ટેમ્પામાં પશુઓને ઘાસ-ચારો કે પાણીની કોઈ વ્યવસ્થા કર્યા વગર તથા ટૂંકા દોરડાથી બાંધીને ક્રૂરતાપૂર્વક ભરવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થવા પામી હતી

પોલીસે ટેમ્પામાંથી ગાય નંગ-૦૭ (કિંમત રૂ. ૩૫,૦૦૦), ગાયના બચ્ચા નંગ-૦૩ (કિંમત રૂ. ૧,૫૦૦), મોબાઈલ ફોન નંગ-૦૨ (કિંમત રૂ. ૧૦,૦૦૦), ગાયો બાંધવા માટે ઉપયોગમાં લેવાયેલા દોરડા નંગ-૦૭ તથા આઈસર ટેમ્પો (કિંમત રૂ. ૧૦,૦૦,૦૦૦) સહિત કુલ અંદાજે રૂ. ૧૦,૪૬,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ સમગ્ર મામલે ધરમપુર પોલીસ મથકના પી.આઈ. એન. ઝેડ. ભોયાએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

# અંભેટીમાં વીજ સુરક્ષા મુદ્દે ગંભીર બેદરકારી!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**નાનાપોંઢા, તા. ૧૨ :** નાનાપોંઢા તાલુકાના અંભેટી ગામના જાના ફળિયામાં આવેલી આંગણવાડી પાસે ખેતીવાડી તથા ઘર વપરાશ માટેના બંને ટ્રાન્સફોર્મર (ડી.પી.) ફરતે જરૂરી પ્રોટેક્શન વ્યવસ્થા કરવામાં આવી નથી. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આ ટ્રાન્સફોર્મરો ખુલ્લા હાલતમાં હોવાથી વારંવાર જોખમી પરિસ્થિતિ સર્જાઈ રહી છે.તાજેતરમાં શોર્ટ સર્કિટના કારણે હાઈ ટેન્શન (HT) લાઈનના વાયર તૂટી જમીન પર પડી ગયા હતાં. જેના કારણે આગ લાગી હતી. આ ઘટના ગામ લોકોમાં ભયનું વાતાવરણ ઉભું કરનાર બની છે. વાયરો રસ્તા પર પડી જતાં કેટલાક સમય માટે વાહન વ્યવહાર પણ બંધ થઈ ગયો હતો. આવી સ્થિતિમાં ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી ભીતિ સ્થાનિકોમાં જોવા મળી રહી છે. ગામ લોકો દ્વારા સરપંચ તેમજ સંબંધિત વીજ વિભાગના અધિકારીઓ અને ઈજનેરોને રજૂઆત કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે જવાબદાર અધિકારીઓ આ ગંભીર મુદ્દાને અવગણતા દેખાઈ રહ્યા છે. લોકોમાં પ્રશ્ન ઉઠી રહ્યો છે કે શું અધિકારીઓ કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યા છે ? ગામ લોકોએ તાત્કાલિક ટ્રાન્સફોર્મર આસપાસ યોગ્ય પ્રોટેક્શન વ્યવસ્થા ઉભી કરી સલામતી સુનિશ્ચિત કરવા માંગ કરી છે.



# વાપી રોફેલ ફાર્મસી કોલેજમાં પેટન્ટ ગ્રાન્ટ મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૧૨ :** વાપીની રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીની રોફેલ શ્રી જી.એમ. બિલાખીયા કોલેજ ઓફ ફાર્મસી વાપીનાં વિધાર્થીને ` A GEFITINIB LOADED METALLIC NANOPARTICLE FORMULATION' નામનાં શિર્ષક હેઠળનાં કાર્યને પેટન્ટ ગ્રાન્ટ મળી છે. પેટન્ટ માટેની અરજી ભારત સરકાર પેટન્ટ કાર્યલય (INTELLECTUAL PROPERTY OF INDIA: PATENTS TRADEMARKS GEOGRAPHICAL INDICATIONS) જયસ્વાલ વિકાસ તેમજ કોલેજનાં -ધ્યાપક ડો. કોમલ પરમાર દ્વારા અરજી નં. ૨૦૨૩૨૧૦૬૦૪૬૩ તારીખ ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૩ નાં રોજ કરવામાં આવી હતી, જેની પેટન્ટ ગ્રાન્ટ (પેટન્ટ નં ૫૮૨૮૫૩) તરીકેની મંજુરી ૧૧ માર્ચ, ૨૦૨૬માં મળેલ છે.





ઉપરોકત પેટન્ટ કાર્ય સંશોધન ફેફસાનાં કેન્સરમાં વપરાતી દવા GEFITINIB નું ફોરમ્યુલેશન બદલી એની લક્ષ્યક્ષમતા તેમજ ઉપયોગિતામાં વધારો કરવા સક્ષમ રહી છે. જેને કારણે દર્દી ફેફસાનાં કેન્સર જેવા ગંભીર રોગથી ત્વરિત રાહત મેળવી શકશે.

ઉપરોક્ત પેટન્ટ ગ્રાંન્ટ મેળવવા બદલ સંશોધકોને આચાર્ય એવમ ડીન ડો. અરિન્દમ પાલ, રોફેલ ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ, યુનિવર્સિટીનાં પ્રેસિડન્ટ રોટેરિયન ભરત પટેલ, પ્રો.વોસ્ટ. ડો. વિકાસ દેસાઈ તથા ઈન્ચાર્જ રજીસ્ટ્રાર ડૉ. પ્રિયકાંત વેદે અભિનંદન આપી ભવિષ્યમાં આવા સંશોધનો થતાં રહે તે માટે પ્રેરણા પુરી પાડી હતી.

# અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES



પશ્ચિમ રેલ્વે મુખ્યાલય મુંબઈ ખાતે આયોજિત નોન-ફેર રેવન્યુ પરના સેમિનાર દરમિયાન સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરોને સંબોધતા, પશ્ચિમ રેલ્વેના પ્રિન્સિપલ ચીફ કોમર્શિયલ મેનેજર તરુણ જૈન.

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૭૧૧/૨૦૨૫

**અરજદાર : જયસીંગભાઈ વલ્લભભાઈ પટેલ,**
**રહે.** વેલવાચ, નિશાળ ફળિયા, તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, વેલવાચ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જયસીંગભાઈ વલ્લભભાઈ પટેલ,** રહે.વેલવાચ, નિશાળ ફળિયા, તા.જી.વલસાડએ તેમના કાકા **રણછોડભાઈ ભગાભાઈ પટેલનું** મરણ તા.૦૮-૦૪-૧૯૮૮ના રોજ મોજે. વેલવાચ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૭૧૧/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૭૧૨/૨૦૨૫

**અરજદાર : જયસીંગભાઈ વલ્લભભાઈ પટેલ,**
**રહે.** વેલવાચ, નિશાળ ફળિયા, તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, વેલવાચ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જયસીંગભાઈ વલ્લભભાઈ પટેલ,** રહે.વેલવાચ, નિશાળ ફળિયા, તા.જી.વલસાડએ તેમના પરદાદા **લાડક્યાભાઈ બારક્યાભાઈ પટેલનું** મરણ તા.૧૪-૦૩-૧૯૬૬ના રોજ મોજે. વેલવાચ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૭૧૨/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૭૧૭/૨૦૨૫

**અરજદાર : જયસીંગભાઈ વલ્લભભાઈ પટેલ,**
**રહે.** વેલવાચ, નિશાળ ફળિયા, તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, વેલવાચ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જયસીંગભાઈ વલ્લભભાઈ પટેલ,** રહે.વેલવાચ, નિશાળ ફળિયા, તા.જી.વલસાડએ તેમના ભાઈ **વેસ્તાભાઈ રણછોડભાઈ પટેલનું** મરણ તા.૧૪-૦૭-૧૯૯૪ના રોજ મોજે. વેલવાચ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૭૧૭/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૨૩/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૦૬/૦૨/૨૦૨૬**

**વાદી : શ્રી ઈલાબહેન સોમાભાઈ પટેલ તે કિરીટભાઈ પટેલની પત્ની,**
**રહે.** સુંઠવાડ, તા.ચીખલી, જી.નવસારી, હાલ રહે. અંકલાવ, ગોપિશ્વર મંદિર, આણંદ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, સુંઠવાડ, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ઈલાબહેન સોમાભાઈ પટેલ,** રહે. સુંઠવાડ, તા.ચીખલી, જી.નવસારી હાલ રહે. અંકલાવ, ગોપિશ્વર મંદિર, આણંદનાઓએ તેઓનો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૫ના રોજ મોજે. સુંઠવાડ, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૭૧૬/૨૦૨૫

**અરજદાર : જયસીંગભાઈ વલ્લભભાઈ પટેલ,**
**રહે.** વેલવાચ, નિશાળ ફળિયા, તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, વેલવાચ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જયસીંગભાઈ વલ્લભભાઈ પટેલ,** રહે.વેલવાચ, નિશાળ ફળિયા, તા.જી.વલસાડએ તેમના દાદા **દેવાભાઈ લાડક્યાભાઈ પટેલનું** મરણ તા.૧૩-૦૮-૧૯૮૭ના રોજ મોજે. વેલવાચ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૭૧૬/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૨૨/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૦૬/૦૨/૨૦૨૬**

**વાદી : શ્રી રસિકકુમાર દુર્લભભાઈ પટેલ,**
**રહે.** ટાંકલ, મોરી કોળીવાડ, તા.ચીખલી, જી.નવસારી,

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ટાંકલ, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રસિકકુમાર દુર્લભભાઈ પટેલ,** રહે. ટાંકલ, મોટી કોળીવાડ, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના માતાશ્રી **સ્વ:ભાનુબેન દુર્લભભાઈ પટેલ**નું મરણ તા.૦૯/૦૮/૨૦૨૦ના રોજ મોજે. ટાંકલ, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

---

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**
**સેલવાસ નગર પાલિકા**
**નિવિદા આમંત્રણ સુચના**

| | |
|---|---|
| કાર્ય નું નામ: નારોલી સિલવાસા મુખ્ય માર્ગ પર જાસ એક્ઝોટિકા નજીક કોટાર પર બોક્સ કલ્વર્ટનું વિસ્તરણ અને પાણી પુરવઠા લાઇનનું સ્થળાંતર. (3rd Call) | |
| ટેન્ડર સૂચના નં. | ૫૬ of ૨૦૨૫-૨૬ |
| ટેન્ડર ID | 2026_UTDNH_7953_1 |
| દસ્તાવેજ ડાઉનલોડ પ્રારંભ તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ ૧૮.૦૦વાગ્યે |
| પ્રિ – બિડ મીટિંગ ની તારીખ | ----Nil---- |
| બિડ/અપલોડ કરવા માટેની છેલ્લી તારીખ અને સમય | ૧૮/૦૩/૨૦૨૬ ૧૫.૦૦ વાગ્યે |
| બિડ ઓનલાઇન ખુલવાની તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ ૧૫.૦૦ વાગ્યે |
| Web Site : https://dnhtenders.gov.in<br>Mail ID: silvassamunicipalcouncil.com | |
| Phone No. 0260-2633193<br>Mo. No.: +91 8347472611 | કોઈપણ અન્ય વિગતો: |

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો

મુખ્ય અધિકારી, સેલવાસ નગર પાલિકા, દાદરા અને નગર હવેલી, સેલવાસ

**NO.:IP/DMN/2/5/2025-26/1227 DATED : 12/03/2026**

---

**CHANGE OF NAME**

OLD NAME: HUSNARA BEGUM CHOUDHURY
NEW NAME: HUSNEWARA BEGUM BARBHUIYA
ADDRESS: H. NO. 199, DEVKA ROAD, NANI DAMAN, DAMAN- 396 220.

---

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM KAMYA ISWARLAL TO KAMYA ISHVAR TANDEL
ADDRESS: - 13/1, KADAIYA MACHHIWAD, NANI DAMAN-396220.

---

**નામ બદલ્યું છે**

આથી હુ જણાવું છુ કે મારું જૂનું નામ **ચાંપાનેરી સ્નેહલબેન વિરેન** હતું જે નામ બદલીને નવું નામ **ચાંપાનેરી સ્નેહલ વિરેન** રાખેલ છે. જેની સર્વે એ નોંધ લેવી
**લી. ચાંપાનેરી સ્નેહલ વિરેન**
**સરનામું** :'સી/ઓ' વિરેન ચાંપાનેરી ડિ૧/૧૦૧, પ્રમુખ ગ્રીન્સ, દમણ રોડ ચલા, તા. વાપી, જિ, વલસાડ, ગુજરાત - ૩૯૬ ૧૯૧

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૭૧૩/૨૦૨૫

**અરજદાર : જયસીંગભાઈ વલ્લભભાઈ પટેલ,**
**રહે.** વેલવાચ, નિશાળ ફળિયા, તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, વેલવાચ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જયસીંગભાઈ વલ્લભભાઈ પટેલ,** રહે.વેલવાચ, નિશાળ ફળિયા, તા.જી.વલસાડએ તેમના કાકી **કાકડુબેન રણછોડભાઈ પટેલનું** મરણ તા.૧૪-૦૧-૧૯૮૬ના રોજ મોજે. વેલવાચ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૭૧૩/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૭૧૫/૨૦૨૫

**અરજદાર : જયસીંગભાઈ વલ્લભભાઈ પટેલ,**
**રહે.** વેલવાચ, નિશાળ ફળિયા, તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, વેલવાચ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જયસીંગભાઈ વલ્લભભાઈ પટેલ,** રહે.વેલવાચ, નિશાળ ફળિયા, તા.જી.વલસાડએ તેમના કાકા **ભગાભાઈ લાડક્યાભાઈ પટેલનું** મરણ તા.૧૫-૦૫-૧૯૭૯ના રોજ મોજે. વેલવાચ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૭૧૫/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૨૧/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૦૬/૦૨/૨૦૨૬**

**વાદી : શ્રી ઉષાકુમારી કિશોરભાઈ પટેલ,**
**રહે.** રાનવેરીકલ્લા, નવા ફળિયા, તા.ચીખલી, જી.નવસારી,

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, રાનવેરીકલ્લા, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ઉષાકુમારી કિશોરભાઈ પટેલ,** રહે. રાનવેરીકલ્લા, નવા ફળિયા, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના દાદી સાસુ **સ્વ:ઝીણીબેન લીમજીભાઈ પટેલ**નું મરણ તા.૧૯/૦૩/૧૯૯૨ના રોજ મોજે. રાનવેરીકલ્લા, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૭૧૪/૨૦૨૫

**અરજદાર : જયસીંગભાઈ વલ્લભભાઈ પટેલ,**
**રહે.** વેલવાચ, નિશાળ ફળિયા, તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, વેલવાચ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જયસીંગભાઈ વલ્લભભાઈ પટેલ,** રહે.વેલવાચ, નિશાળ ફળિયા, તા.જી.વલસાડએ તેમના પરદાદી **કાહલીબેન લાડક્યાભાઈ પટેલનું** મરણ તા.૦૫-૦૪-૧૯૬૪ના રોજ મોજે. વેલવાચ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૭૧૪/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૭૫/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૧૧/૦૨/૨૦૨૬**

**વાદી : શ્રી નરેશકુમાર વિઠ્ઠલભાઈ લાડ,**
**રહે.** સાદડવેલ, કુંભાર ફ.તા.ચીખલી, જી.નવસારી હાલ રહે. રાનકુવા, બસ સ્ટેન્ડ, તા.ચીખલી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ચીખલી, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નરેશકુમાર વિઠ્ઠલભાઈ લાડ,** રહે. સાદડવેલ, કુંભાર ફ.તા.ચીખલી, જી.નવસારી હાલ રહે. રાનકુવા, બસ સ્ટેન્ડ, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના પોતાનો જન્મ તા.૦૨/૦૬/૧૯૫૭ના રોજ મોજે. સાદડવેલ, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

---

**પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૭૬/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૧૧/૦૨/૨૦૨૬**

**વાદી : શ્રી ઈલાબેન ખુશાલભાઈ લાડ તે નરેશકુમાર લાડની પત્ની,**
**રહે.** મલિયાધરા, તા.ચીખલી, જી.નવસારી, હાલ રહે. રાનકુવા, બસ સ્ટેન્ડ, તા.ચીખલી , જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, મલિયાધરા, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ઈલાબેન ખુશાલભાઈ લાડ,** રહે. મલિયાધરા, તા.ચીખલી, જી.નવસારી હાલ રહે. રાનકુવા, બસ સ્ટેન્ડ, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના પોતાનો જન્મ તા.૨૩/૧૨/૧૯૬૬ના રોજ મોજે. મલિયાધરા, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

---

**ટેરેસ ગળે છે ??**



**વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર**

**એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ**

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

**અરવિંદ પટેલ - વલસાડ 81402 20205**










---

**દમણગંગા ટાઈમ્સ**

**ડીસ્કલેમર/ સ્પષ્ટતા**

વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- વ્યવસ્થાપક

Friday 13, March 2026

# દમણગંગા ટાઈમ્સ

## પારડીમાં પરિણિતાની તસ્વીર સાથે ચેડાં કરી વાયરલ કરનાર સામે ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૨ :** પારડી તાલુકાના એક ગામે સાયબર ક્રાઈમની ઘટના સામે આવી છે. એક ૩૦ વર્ષીય પરણીતાના ફોટા સાથે છેડછાડ કરી તેને સોશિયલ મીડિયા પર વાયરલ કરી બદનામ કરનાર અજાણ્યા શખ્સ વિરુદ્ધ પારડી પોલીસ મથકે મહિલાએ ફરિયાદ કરી છે. વર્ષ ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન કોઈ અજાણ્યા ઈસમે ભોગ બનનાર મહિલાના વોટ્સએપ પર બિભત્સ લખાણ મોકલવાનું શરૂ કર્યું હતું. ઈસમે અન્ય મહિલાના નિઃવસ્ત્ર ફોટામાં ભોગ બનનારનો ચહેરો એડિટ કરી તેને મહિલાના સંબંધીઓને મોકલી આપ્યા હતાં. એટલું જ નહીં, આરોપીએ ૧૨ જેટલા અલગ-અલગ મોબાઈલ નંબરો અને ૭ ઈન્સ્ટાગ્રામ આઈડીનો ઉપયોગ કરી પરણીતા તેમજ તેના અન્ય મહિલા સબંધીના ફોટા પર અભદ્ર ટિપ્પણીઓ કરી તેને વાયરલ કર્યા હતાં. આરોપી મહિલાનો પીછો કરી તેની અવરજવર પર પણ નજર રાખતો હોવાનું બહાર આવ્યું છે. આ મામલે પારડી પોલીસે ભારતીય ન્યાય સંહિતા BNSની કલમ ૭૮(૨), ૩૫૨, ૩૫૬ તથા આઈટી એક્ટની કલમ ૬૬(ઈ) મુજબ ગુનો નોંધી ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ શરૂ કરી છે.

## વાપી રેલ્વે સ્ટેશને મુસાફરનો ફોન ચોરી કરતો આરોપી ઝડપાયો

**વાપી, તા. ૧૨ :** વાપી રેલવે પોલીસને માહિતી મળતા જ RPF સ્ટાફે તાત્કાલિક શંકાસ્પદ વ્યક્તિનો પીછો કર્યો અને તેને પકડી પાડ્યો. પ્રાથમિક પૂછપરછ દરમિયાન તેણે સંતોષકારક જવાબ ન આપતા ભાગવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ તેને RPF વાપી કચેરીમાં લાવવામાં આવ્યો હતો. વાપી રેલવે સ્ટેશનના CCTV ફૂટેજ બતાવીને પૂછપરછ કરતા, આરોપનું નામ સચિન મારુતિ ચરેકર ઉંમર ૪૦ વર્ષ, રહેવાસી પુણે, મહારાષ્ટ્ર હતું. તેની તલાશી લેતા તેની પાસેથી બે મોબાઈલ ફોન મળ્યા હતાં. જેમાં એક Realme કંપનીનો તેનો પોતાનો અને બીજો OPPO કંપનીનો સ્કાય બ્લૂ કલરનો મોબાઈલ સૂતેલા મુસાફરના ખિસ્સામાંથી ચોરી કર્યો હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ RPF સ્ટાફે સૂતેલા મુસાફરને જગાડ્યો, જેમણે પોતાનું નામ પવનકુમાર કપિલકુમાર રાવત રહેવાસી સિલવાસા રોડ, વાપી જણાવ્યું હતું. તેમણે પોતાનો OPPO કંપનીનો મોબાઈલ ચોરી થયો હોવાનું જણાવતા કચેરીમાં રાખેલા સ્કાય બ્લૂ રંગના મોબાઈલને પોતાનો હોવાનુંઓળખ્યો હતો.

આ ચોરીના બનાવ અંગે આરોપી સચિન ચરેકરને ચોરાયેલા મોબાઈલ અને ફરિયાદી સાથે GRP વાપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે સોંપવામાં આવ્યો હતો. GRP વાપી દ્વારા આરોપી સામે CR નં.૨૨૭/૨૦૨૬, કલમ ૩૦૩(૨) BNS હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## વાપીમાં સગીરા સાથે દુષ્કર્મ કરનાર આરોપીના જામીન નામંજુર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૨ :** વાપી નજીકના એક ગામમાં રહેતા મૂળ મધ્યપ્રદેશના પરપ્રાંતીય પરિવારની ૧૬ વર્ષની દીકરીને તા.૧૯-૫-૨૦૨૫ના રોજ વિકાસ રતિલાલ મીણા નામના ઈસમે લગ્નની લાલચ આપી અપરણ કરી જાય દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. જે પ્રકરણમાં ડુંગરા પોલીસે આરોપી વિકાસ મીણાની ઘર પકડ કર્યા બાદ ચાર્જસીટ રજૂ કરવામાં આવતા આરોપીએ વાપીની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં જામીન મેળવવા માટે કરેલ રેગ્યુલર જામીન અંગેની આજે સુનાવણી કરવામાં આવી હતી. જેમાં વાપીના પોક્સો એક્ટ હેઠળના સ્પેશિયલ જજ એચ.એન. વકીલએ ૧૬ વર્ષની કિશોરીને લગ્ન કરવાની લાલચ આપી તેનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર આરોપી વિકાસ રતિલાલ મીણાની ડુંગરા પોલીસ દ્વારા ગુનામાં ધરપકડ કરી આરોપી સામે ચાર્જશીટ દાખલ કર્યા બાદ આરોપીએ ગુનામાં જામીન મુક્ત થવા માટે પ્રથમ વખત કરેલ રેગ્યુલર જામીન અરજી સંદર્ભે ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલો ગ્રાહ્ય રાખી આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો.

## પારનેરાથી ગાંજા સાથે એક ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ એસઓજીની ટીમને મળેલી બાતમીના આધારે અતુલ નજીકના પારનેરા ગામે ટેકરા ફળિયામાં રહેતા એક ઈસમે મોપેડની ડીકીમાં સંતાડેલો ૧.૨૨૦ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે મળી કુલ ૧,૪૬,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી જેલમાં ધકેલી દીધો હતો.



વલસાડ જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પીઆઈ એ.યુ. રોઝની રાહબરી હેઠળ એસઓજી વલસાડના પોલીસ સ્ટાફના માણસો વલસાડ રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં. તે દરમ્યાન બાતમી આધારે પોલીસે પારનેરા ગામના ટેકરા ફળિયા કબ્રસ્તાનની બાજુમાં રહેતો કયુમ બાઉદ્દીન કુરેશી, ઉ.વ.૨૯, રહે.પારનેરા ગામ, ટેકરા ફળીયા, ઘર નં.૧૩૧, પ્રાથમિક શાળાની બાજુમાં વલસાડની કબ્જાની સુઝુકી અવેનીસ મોપેડ નંબર GJ 15 EA 4685 ની ડીકીમાં ગેરકાયદેસર રીતે સંતાડેલ ગાંજોનો જથ્થો ૧.૨૨૦ કિલોગ્રામ કિંમત રૂપિયા ૬૧,૦૦૦ મોપેડની કિંમત ૮૦,૦૦૦, મોબાઈલ નંબર એક કિંમત ૫૦૦૦ મળી કુલ ૧,૪૬,૦૦૦ના મુદ્દામાલ સાથે આરોપી યુમ બાઉદ્દીન કુરેશી, ઉ.વ.૨૯, રહે.પારનેરા ગામ, ટેકરા ફળીયા, ઘર નં. ૧૩૧, પ્રાથમિક શાળાની બાજુમાં, વલસાડની ધરપકડ કરી તેના વિરુદ્ધ વલસાડ રૂરલ પોલીસ મથકમાં NDPS ૧૯૮૫ ની કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## વાપીના વૃધ્ધાનું દેહદાન

### ઠુંમર પરિવારે ૯૭ વર્ષીય માતૃશ્રીના દેહનું સિવિલમાં દાન કર્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વાપી, તા.૧૨ :** વાપીના જાણીતા અગ્રણી અને સેવાભાવી વ્યક્તિત્વ ધરાવતા મનસુખભાઈ ઠુંમરના માતૃશ્રી ઓત્તમબેન આંબાભાઈ ઠુંમરનું ૯૭ વર્ષની જૈફ વયે તા.૧૨/૦૩/૨૦૨૬ને ગુરુવારના રોજ વહેલી સવારે વાપી સ્થિત નિવાસસ્થાન 'કૃષ્ણવિહાર બંગલો' ખાતે નિધન થયું છે. શોકગ્ન અવસ્થામાં પણ ઠુંમર પરિવારે એક અત્યંત પ્રેરણાદાયી અને ઉમદા નિર્ણય લઈ માતૃશ્રીના મૃતદેહને વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે દેહદાન કરી માનવતા મહેકાવી છે.

સેવા અને સમર્પણનો વારસો મનસુખભાઈ ઠુંમર, જેઓ વાપી કન્ઝ્યુમર અશોસીયસન માં હોદ્દેદાર રહી ચૂક્યા છે અને હાલ મોટાપોઢા ખાતે રહી સાધુ-સંતો તથા ગરીબોની સેવામાં અવિરત કાર્યરત છે, તેમના માતૃશ્રીના નિધનથી સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી છે. ૯૭વર્ષનું લાંબુ અને સ્વસ્થ આયુષ્ય ભોગવનાર ઓત્તમબેન પોતાના પાછળ ત્રણ પુત્રો - મનસુખભાઈ, મેરામભાઈ અને ડો. કાંતિભાઈ સહિત વિશાળ પરિવારને વિલાપ કરતા છોડી ગયા છે.

પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે, માતૃશ્રીના પાર્થિવ દેહનો ઉપયોગ તબીબી અભ્યાસ માટે થાય અને તે દ્વારા અન્યને નવજીવન અથવા તબીબી ક્ષેત્રે મદદ મળી રહે તે હેતુથી વલસાડ સિવિલ હોસ્પિટલને દેહ સોંપવાનો નિર્ણય લેવાયો છે.

સદગતનું બેસણું આજે તા. ૧૩/૦૩/૨૦૨૬ ને સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન ઉપાસના હોલ, ગુંજન, વાપી ખાતે રાખવામાં આવ્યું છે. ઠુંમર પરિવારના આ સાહસિક અને સેવાકીય કાર્યની શહેરના અગ્રણીઓ અને નાગરિકો દ્વારા ભારે પ્રશંસા કરવામાં આવી રહી છે.

## ખાપરવાડા ગામે દીપડાની દહેશત

### નીલકંઠ મેદાન નજીક વાછરડાનો શિકાર કર્યો, વન વિભાગે પાંજરું ગોઠવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૨ :** બીલીમોરા નજીક કાંઠા વિસ્તારનાં ખાપરવાડા ગામે દીપડાનો પગરવ શરૂ થયો છે. ગામના ઊંચામોરા વિસ્તારમાં નીલકંઠ મેદાન ઉપર બુધવારે રાત્રે દીપડાએ વાછરડાનો શિકાર કરતા ચકચાર મચી હતી. વનવિભાગે વિદેશી મરઘાનું મારણ મુકી દિપડાને પાંજરે પુરવાનો તખ્તો તૈયાર કર્યો હતો.

વન વગડામાં વસવાટ કરતા દીપડા ખોરાકની શોધમાં માનવ વસ્તીમાં આવતા હોય છે. દરમિયાન બુધવાર રાત્રે ખાપરવાડા ગામે દીપડાએ વાછરડાનો શિકાર કર્યો હતો. ગ્રામજનોએ વાછરડાનાં અવશેષો જોતા વન વિભાગને જાણ કરી હતી. વન વિભાગએ ગુરુવાર બપોરે પાંજરૂ ગોઠવ્યું હતું. જેમાં દેશી-વિદેશી મરઘાનું મારણ મુકી દિપડાને પાંજરે પુરવા તખ્તો તૈયાર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છેકે ૬ દિવસ અગાઉ ખાપરવાડા ગામ નજીક વણગામ આહીરવાસમાં દીપડો ત્રાટક્યો હતો. જેમાં૧૧ બકરાનાં મોત નિપજ્યા હતાં. જે બાદ સમગ્ર કાંઠા વિસ્તારમાં ભયનો માહોલ હતો. દરમ્યાન પડોશી ગામે વાછરડાનાં શિકારની ઘટના સામે આવતા ફરી વાર લોકોમાં ભયનું વાતાવરણ સર્જાયું છે. બીજી તરફ વન વિભાગ એ પણ દીપડાને પાંજરે પુરવા તજવીજ હાથ ધરી છે.

## દમણમાં કોમર્શિયલ ગેસની અછત ધાબાના રસોઈ ઘરમાં જોવા મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૨ :** ઈરાન યુદ્ધને કારણે કોમર્શિયલ રસોઈ ગેસનો પુરવઠો ખોરવાઈ ગયો છે. જેની અસર દમણમાં નાસ્તાની દુકાનો પર પડી છે. ગેસ સિલિન્ડર ન મળતા, ઘણા દુકાનદારો હવે લાકડા બાળીને પરંપરાગત માટીના ચૂલાનો ઉપયોગ કરીને નાસ્તો બનાવી રહ્યા છે.



દમણના કોસ્ટ હાઈવે પર આવેલી કેટલીક દુકાનોમાં, દુકાનદારો લાકડાના ચૂલા પર સમોસા, ભજીયા અને અન્ય નાસ્તા બનાવતા જોવા મળ્યા. દુકાનદારોએ જણાવ્યું હતું કે સામાન્ય રીતે તેમની દુકાનોમાં નાસ્તા તૈયાર કરવા માટે કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ ગેસ ખતમ થઈ ગયા પછી નવા નિયમોને કારણે તેઓ કોમર્શિયલ ગેસ મેળવી શક્યા નહીં.

તેમણે કહ્યું કે દુકાન ચલાવવી પણ મહત્વપૂર્ણ છે, તેથી તેમણે તેમના પરિવાર સાથે મળીને હાલ માટે લાકડાના ચૂલા પર નાસ્તો બનાવવાનું નક્કી કર્યું. એક કે બે દિવસ પ્રેક્ટિસ કર્યા પછી, ચૂલા પર કામ કરવાનું સરળ બન્યું છે. દુકાનદારોને આશા છે કે પરિસ્થિતિ ટૂંક સમયમાં સામાન્ય થઈ જશે અને તેઓ ફરીથી રસોઈ ગેસ મેળવી શકશે.

## ઉમરગામ ઈન્ડ. એસો. ચૂંટણીમાં યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમને સ્થાનિક ઉદ્યોગકારોનો મળી રહેલો અભૂતપૂર્વ પ્રતિસાદ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)





**ઉમરગામ, તા.૧૨ :** ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં છેલ્લા ૪૦ વર્ષથી કાર્યરત ટેક્સટાઈલ ઉદ્યોગના માલિકો આજે ઉમરગામ ખાતે એક મહત્વની બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતાં. તેઓ દ્વારા જણાવાયું હતું ઉમરગામમાં ઉદ્યોગો અને પડતી મુશ્કેલીઓ અને ખૂટતી સુવિધાઓ અંગે જે તે સમયે સ્થાનિક આગેવાનો અને ઉદ્યોગકારોએ સક્રિય બની ઉદ્યોગો સરળતાથી ચાલે તે માટે ખૂબ પ્રયાસો કર્યા હતાં અને તેના થકી જ ઉંમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં છેલ્લા ૪૦ વર્ષથી અમે ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી ચલાવી રહ્યા છે. સ્થાનિક ટેક્સટાઈલ ઉદ્યોગકારોના હિતમાં સરકાર સમક્ષ રજૂઆત કરી ઉમરગામના ઉદ્યોગકારોને મોટી રાહત મળી રહે તે માટે એન્ટ્રી ટેક્સમાંથી મુક્તિ અપાવી હતી. ઉમરગામ ઔદ્યોગિક વિસ્તારમાં ચાલતા ઉદ્યોગોમાં અન્ય કેટલાક દૂષણો જે ઉદ્યોગકારો માટે ખૂબ મુશ્કેલી સર્જે એવા હતાં. એવા દૂષણોને નાથવામાં પણ સ્થાનિક વિસ્તારના આગેવાન અને ઉદ્યોગકારોએ મહત્વની ભૂમિકા બજાવી હતી. ઉમરગામ ઔદ્યોગિક વિસ્તારના વિકાસમાં જેઓનો સિંહ ફાળો છે. એવા સ્થાનિક ઉદ્યોગકરોનો આજે ઉપસ્થિત રહેલા ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગકારો તેમજ અન્ય ઉદ્યોગકારોએ આભાર માન્યો હતો. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે ઉમરગામમાં તેઓના ઉદ્યોગ ચાલે છે પરંતુ નિશ્ચિતપણે તેઓ મુંબઈમાં પરિવાર સાથે રહે છે. કારણ કે ઉદ્યોગ ચલાવવા માટે ઉમરગામમાં સ્થાનિક આગેવાનોની સક્રિયતાના કારણે વાતાવરણ અનુકૂળ છે. હાલમાં સ્થાનિક આગેવાનો કે જેઓનો ઉમરગામ ઔદ્યોગિક વિસ્તારના વિકાસમાં સિંહ ફાળો રહ્યો છે. તેઓ યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમને સહકાર આપી રહ્યા છે અને તેથી જ સ્થાનિક ઉદ્યોગકારોને આવકારી રહ્યા છે.

**દમણગંગા ટાઈમ્સ**
**ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની અવશ્ય મુલાકાત લો**
www.damangangatimes.com

## પારડી હાઈવે પર ચીખલીના યુવાનની કારને અકસ્માત : ત્રણેયનો ચમત્કારીક બચાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૨ :** નવસારીના ચીખલીમાં રહેતા ભદ્રેશ બારોટ, નીલ રાઠોડ અને બ્રિજેશ રાઠોડ પોતાની હોન્ડા સેન્ટ્રો કાર નં. GJ 21 AA 0750માં સવાર થઈ વાપી ખાતે મિત્રની બર્થડે પાર્ટીમાં જવા નીકળ્યા હતાં. તેઓ જયારે પારડીમાં આવેલ મોહન દયાળ હોસ્પિટલની સામે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૪૮ના બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતાં. ત્યારે અશોક લેલેન્ડ ટ્રક નં. GJ 23 AW 3095ના ચાલકે પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે કાર હવામાં ફંગોળાઈને રોડ પર ઉંધી પલ્ટી મારી ગઈ હતી.




અકસ્માત બાદ કાર શીર્ષાસન અવસ્થામાં આવી ગઈ હોવા છતાં અંદર સવાર ત્રણેય મિત્રોને કોઈ ગંભીર ઈજા થઈ નથી. અકસ્માત સર્જી ટ્રક ચાલક સ્થળ પરથી નાસી ગયો હતો. ઘટનાની જાણ થતા જ ૧૧૨ની ટીમ અને પારડી ટ્રાફિક પોલીસની ટીમ દોડી આવી હતી. અને ક્રેન વડે કાર ખસેડી ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો. પારડીમાં અવારનવાર આવા અકસ્માત થતા હોય છે સ્થાનિક લોકોએ ચેતવાની જરૂર છે. મોટા વાહન ચાલકો અકસ્માત કરી નાસી જતા હોય છે.


## ૯૨મા જન્મદિને 'ગફુરચાચા'ને અનેક શુભકામના

સમગ્ર પંથકમાં 'ગફુરચાચા' ના હુલામણા નામે વિખ્યાત ગાંધીવાદી સમાજસેવક, સંસ્કાર અને કલાપ્રિય ઉદ્યોગપતિ વડીલ પદ્મશ્રી મુ. ગફુરભાઈ બીલખિયાને તેમના ૯૨મા જન્મદિને તેમના નિરામય દિર્ઘાયુની ઈશ્વર-અલ્લાહને પ્રાર્થના સાથે તેઓ હરહંમેશ સમાજના પથપ્રદીપક બની રહે એવી વંદન સાથે અઢળક શુભકામનાઓ

-: લિ. :-
સમગ્ર 'સ્પંદન' પરિવાર
વતી
મેનેજિંગ ટ્રસ્ટી : હિતેનભાઈ ભટ્ટ
મેન્ટોર : મહેન્દ્રભાઈ ભાવસાર





પદ્મશ્રી ગફુરભાઇ બીલખિયા



CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**